dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-194 | AD-2026, Vaishakh Sud -05 | Tuesday, Dt. 21-04-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે-મ્યુંગ વચ્ચે નવી દિલ્હી ખાતે યોજાઈ બેઠક

# ભારત-દક્ષિણ કોરિયા વચ્ચે ૨૦૩૦ સુધીમાં $૫૦ બિલિયનના વેપારનું લક્ષ્ય

**બંને દેશોના 'ડીએનએ'માં લોકશાહી મૂલ્યો: પીએમ મોદી**

નવી દિલ્હી,તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે-મ્યુંગ વચ્ચે નવી દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે યોજાયેલી દ્વિપક્ષીય બેઠકે બંને દેશોના આર્થિક અને રાજદ્વારી સંબંધોમાં એક નવો અધ્યાય ઉમેર્યો છે. આ બેઠક આઠ વર્ષના લાંબા ગાળા બાદ કોરિયન રાષ્ટ્રપતિની ભારત મુલાકાત હોવાથી વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વની માનવામાં આવે છે.

પીએમ મોદીએ તેમના સંબોધનમાં ભારપૂર્વક જણાવ્યું કે બંને દેશોના 'ડીએનએ'માં લોકશાહી મૂલ્યો, બજાર અર્થતંત્ર અને કાયદાના શાસન પ્રત્યેનો આદર વણાયેલો છે.

ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચેનો વર્તમાન દ્વિપક્ષીય વેપાર $૨૭ બિલિયન સુધી પહોંચ્યો છે. બંને નેતાઓએ સંયુક્ત રીતે નિર્ણય લીધો છે કે ૨૦૩૦ સુધીમાં આ આંકડાને $૫૦ બિલિયન સુધી લઈ જવામાં આવશે. આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે 'ભારત-કોરિયા નાણાકીય મંચ' અને એક 'ઔદ્યોગિક સહકાર સમિતિ'ની સ્થાપના કરવામાં આવી છે, જે બંને દેશો વચ્ચેના રોકાણ અને નાણાકીય પ્રવાહને વધુ સરળ બનાવશે.



આધુનિક યુગની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, બંને દેશોએ સેમિકન્ડક્ટર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને આઈટી ક્ષેત્રે ભાગીદારી ગાઢ બનાવવા માટે 'ભારત-કોરિયા ડિજિટલ બ્રિજ' શરૂ કરવાની જાહેરાત કરી છે. વધુમાં: આર્થિક સુરક્ષા સંવાદ: મહત્વપૂર્ણ સપ્લાય ચેઈન અને ઉભરતી ટેકનોલોજીમાં સહયોગ વધારવા માટે આ સંવાદ શરૂ કરાશે. કોરિયન ઔદ્યોગિક ટાઉનશીપ: કોરિયન કંપનીઓ અને ખાસ કરીને નાના-મધ્યમ ઉદ્યોગો (SMEs) ને ભારતમાં રોકાણ માટે પ્રોત્સાહન આપવા માટે ખાસ ટાઉનશીપ બનાવવામાં આવશે. વેપાર કરાર અપગ્રેડ આગામી વર્ષમાં પ્રવર્તમાન વેપાર સમજૂતીઓને આધુનિક બનાવી વધુ વ્યાપક બનાવવામાં આવશે.

પીએમ મોદીએ અયોધ્યાની રાજકુમારી સુરી રત્ના અને કોરિયાના રાજા કિમ સુરોની ૨૦૦૦ વર્ષ જૂની પૌરાણિક કથાનો ઉલ્લેખ કરી હજારો વર્ષ જૂના ઐતિહાસિક સંબંધોને તાજા કર્યા હતા. આજે જ્યારે ભારતમાં 'કે-પોપ' અને 'કે-ડ્રામા' લોકપ્રિય છે, ત્યારે કોરિયામાં પણ ભારતીય સંસ્કૃતિ અને સિનેમાની ઓળખ વધી રહી છે. આ સંબંધોને વધુ મજબૂત કરવા માટે ૨૦૨૮માં 'ભારત-કોરિયા મિત્રતા મહોત્સવ' નું આયોજન કરવાની જાહેરાત કરવામાં આવી છે.

આ મુલાકાત માત્ર વેપાર પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે સંરક્ષણ, શિપબિલ્ડિંગ, સ્ટીલ અને ગ્રીન એનર્જી જેવા ક્ષેત્રોમાં પણ સહયોગના નવા દ્વાર ખોલનારી સાબિત થશે. બંને દેશોની આ ભાગીદારી ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સ્થિરતા અને સમૃદ્ધિ લાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

# જમ્મુ-કાશ્મીરના ઉધમપુરમાં ભયાનક બસ અકસ્માત: ૨૧ના મોત, ૩૦ ઘાયલ

ઉધમપુર,તા.૨૦

જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર જિલ્લામાં એક ગમખ્વાર બસ અકસ્માત સર્જાયો છે. રામનગરથી ઉધમપુર જઈ રહી રહેલી એક પેસેન્જર બસ પહાડી રસ્તા પર ખાઈમાં ખાબકતા ૨૧ લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે, જ્યારે ૩૦થી વધુ મુસાફરો ઘાયલ થયા છે. અકસ્માતની જાણ થતા જ સ્થાનિક લોકો અને વહીવટી ટીમે તાત્કાલિક



બચાવ કામગીરી શરૂ કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. તેમણે મૃતકોના પરિવારોને પીએમએનઆરએફમાંથી રૂ.૨ લાખ અને ઘાયલોને રૂ. ૫૦,૦૦૦ ની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી છે.

કેન્દ્રીય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને એરલિફ્ટ કરવાની પણ સુવિધા કરવામાં આવી રહી છે. લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાએ પણ વહીવટીતંત્રને અસરગ્રસ્તોને તમામ શક્ય મદદ પૂરી પાડવાના નિર્દેશ આપ્યા છે. હાલ હોસ્પિટલોમાં ઘાયલોની સારવાર ચાલી રહી છે અને બચાવ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

# ભારત અને જર્મની વચ્ચે સંરક્ષણ ક્ષેત્રે ઐતિહાસિક સમજૂતી થશે

નવી દિલ્હી,તા.૨૦

ભારત અને જર્મની વચ્ચે સંરક્ષણ ક્ષેત્રે એક ઐતિહાસિક સમજૂતી થવા જઈ રહી છે. અંદાજે રૂ.૭૦,૦૦૦ કરોડથી રૂ. ૯૯,૦૦૦ કરોડના ખર્ચે છ અત્યાધુનિક સબમરીન બનાવવા માટેના કરાર પર ટૂંક સમયમાં હસ્તાક્ષર થઈ શકે છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ ૨૧ થી ૨૩ એપ્રિલ દરમિયાન જર્મનીની મુલાકાતે છે, જ્યાં તેઓ જર્મન સંરક્ષણ મંત્રી બોરિસ પિસ્ટોરિયસ



સાથે આ 'પ્રોજેક્ટ 75I' (P75I) ને અંતિમ સ્વરૂપ આપશે.

આ પ્રોજેક્ટ હેઠળ છ પરંપરાગત સબમરીનનું નિર્માણ મુંબઈના માઝાગોન ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ ખાતે કરવામાં આવશે. આ માટે જર્મનીની જાણીતી કંપની 'થિસેનક્રુપ મરીન સિસ્ટમ્સ' તકનીકી સહયોગ પૂરો પાડશે. 'મેક ઈન ઈન્ડિયા' પહેલને વેગ આપવા માટે આ સોદો અત્યંત મહત્વનો માનવામાં આવે છે. આ મુલાકાત દરમિયાન માત્ર સબમરીન જ નહીં, પરંતુ સાયબર સુરક્ષા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ડ્રોન ટેકનોલોજી જેવા ઉભરતા સંરક્ષણ ક્ષેત્રોમાં પણ સહયોગ વધારવા પર ચર્ચા કરવામાં આવશે. સાત વર્ષ બાદ કોઈ ભારતીય કેબિનેટ મંત્રી જર્મનીની મુલાકાતે હોવાથી આ દ્વિપક્ષીય સંબંધોમાં એક નવો અધ્યાય ગણાય છે.

### મુખ્યમંત્રીના પગારનો ૫૦% ભાગ, જ્યારે નાયબ મુખ્યમંત્રી અને મંત્રીઓના પગારનો ૩૦% ભાગ રોકી દેવાશે

# હિમાચલ પ્રદેશમાં આર્થિક કટોકટી: મુખ્યમંત્રી અને મંત્રીઓના પગારમાં મોટો કાપ

શિમલા,તા.૨૦

હિમાચલ પ્રદેશની સુખવિંદર સિંહ સુખુ સરકારે રાજ્યની ડગમગતી આર્થિક સ્થિતિને થાળે પાડવા માટે એક કઠોર વહીવટી નિર્ણય લીધો છે. રાજ્ય પર વધતા દેવા અને નાણાકીય સંકટને પહોંચી વળવા માટે મુખ્યમંત્રી, મંત્રીઓ, ધારાસભ્યો અને ઉચ્ચ અધિકારીઓના પગારનો અમુક હિસ્સો આગામી છ મહિના માટે મુલતવી રાખવાની જાહેરાત



કરવામાં આવી છે.

સરકારી નોટિફિકેશન મુજબ, આ વ્યવસ્થા એપ્રિલ ૨૦૨૬ ના પગારથી અમલમાં આવશે. રાજકીય નેતૃત્વ: મુખ્યમંત્રીના પગારનો ૫૦% ભાગ, જ્યારે નાયબ મુખ્યમંત્રી અને મંત્રીઓના પગારનો ૩૦% ભાગ રોકી દેવામાં આવશે. ધારાસભ્યોના પગારમાં ૨૦% નો કાપ (મુલતવી) મૂકવામાં આવ્યો છે.

વહીવટી સ્તર મુખ્ય સચિવ અને ડીજીપી જેવા વરિષ્ઠ અધિકારીઓના પગારનો ૩૦%, જ્યારે અન્ય ગેઝેટેડ અધિકારીઓના પગારનો ૨૦% ભાગ અસ્થાયી રૂપે અનામત રાખવામાં આવશે.સરકારે સ્પષ્ટતા કરી છે કે આ કાયમી કાપ નથી, પરંતુ નાણાકીય સ્થિતિ સુધર્યા બાદ આ રકમ પરત કરવામાં આવશે. અગાઉ માર્ચ ૨૦૨૬માં પણ બોર્ડ અને કોર્પોરેશનના અધિકારીઓના ભથ્થામાં ઘટાડો કરવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રી સુખુએ આ પગલાને રાજ્ય હિતમાં જરૂરી ગણાવ્યું છે, પરંતુ વિપક્ષી નેતા જયરામ ઠાકુરે તેને 'આર્થિક ગેરવહીવટ' અને 'નાણાકીય કટોકટી' નું પરિણામ ગણાવ્યું છે. ભાજપના નેતાઓએ આક્ષેપ કર્યો છે કે સરકાર એકતરફ પગાર રોકી રહી છે અને બીજી તરફ બોર્ડ-નિગમોના અધ્યક્ષોના ખર્ચમાં વધારો કરી રહી છે. મંત્રી જગત નેગીએ વળતો પ્રહાર કરતા જણાવ્યું હતું કે રાજ્યના વિકાસ કાર્યો અટકે નહીં તે માટે આ શિસ્તબધ્ધ પગલું લેવું અનિવાર્ય હતું.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી અઠવાડીયે વારાણસીની મુલાકાત લેશે

લખનૌ,તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૮ એપ્રિલે પોતાના સંસદીય ક્ષેત્ર વારાણસીની બે દિવસીય મુલાકાતે જશે. આ પ્રવાસ દરમિયાન તેઓ એક વિશાળ મહિલા સંમેલનને સંબોધિત કરશે, જેમાં ૫૦,૦૦૦થી વધુ મહિલાઓ ઉમટી પડે તેવું આયોજન ભાજપ મહિલા મોરચા દ્વારા કરવામાં આવ્યું છે.



તાજેતરમાં લોકસભામાં મહિલા અનામત સંબંધિત બંધારણીય સુધારો બિલ જરૂરી બહુમતીના અભાવે પસાર થઈ શક્યું નથી. કુલ ૫૨૮ મતોમાંથી ૨૯૮ પક્ષમાં અને ૨૩૦ વિરોધમાં પડ્યા હતા, જે ૩૫૨ ના લક્ષ્યાંકથી ૫૪ મતો ઓછા હતા. આ સંમેલન દ્વારા સરકાર મહિલા અનામતમાં અવરોધ ઊભો કરવા બદલ વિપક્ષને ઘેરશે. જો આ બિલ પસાર થયું હોત, તો ૨૦૨૯થી લોકસભામાં બેઠકોની સંખ્યા ૮૫૦ થઈ હોત અને મહિલાઓને ૩૩% અનામતનો લાભ મળ્યો હોત.




# ભાજપ અને સપા વચ્ચે સોશિયલ મીડિયા વોરમાં અખિલેશ યાદવ 'વોન્ટેડ'???


નવી દિલ્હી,તા.૨૦

સીમાંકન બિલ મુદ્દે ભાજપ અને સપા વચ્ચેનો રાજકીય વિવાદ વધુ ઘેરો બન્યો છે. ઉત્તર પ્રદેશ ભાજપે તેના સત્તાવાર 'X' હેન્ડલ પર અખિલેશ યાદવનો ફોટો મૂકી તેમને 'વોન્ટેડ' જાહેર કર્યા હતા, સાથે જ 'નળ ચોરી'નો ગંભીર કટાક્ષ પણ કર્યો હતો. ભાજપે તેમના પર મહિલા અધિકારોના વિરોધી હોવાનો આરોપ લગાવ્યો છે.

સામે પક્ષે અખિલેશ યાદવે આકરી પ્રતિક્રિયા આપતા ભાજપને 'દેશદ્રોહી' ગણાવ્યા છે.



તેમણે જણાવ્યું કે ભાજપ હારના ડરથી નકારાત્મક રાજનીતિ કરી રહ્યું છે. પીડીએ (PDA) સમુદાયની એકતાથી ગભરાઈને ભાજપ આવા હથકંડા અપનાવી રહ્યું હોવાનો પણ તેમણે દાવો કર્યો હતો.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
મંગળવાર, તા.૨૧-૦૪-૨૦૨૬

રાજ્યમંત્રી કૌશિક વેકરિયાના પ્રયાસોથી

# કુંકાવાવ તાલુકાના સનાળી-તરઘરી માર્ગ માટે રૂ. ૧.૭૫ કરોડ મંજૂર



અમરેલી,તા.૨૦

અમરેલીના ધારાસભ્ય અને ગુજરાત રાજ્યના મંત્રી કૌશિક વેકરિયાએ પોતાના મતવિસ્તારમાં આંતરમાળખાકીય સુવિધાઓને વધુ સુદ્રઢ બનાવવાના પ્રયાસો તેજ કર્યા છે. આ દિશામાં વધુ એક મહત્વનો નિર્ણય લેતા, કુંકાવાવ તાલુકાના સનાળી-તરઘરી માર્ગના નવીનીકરણ માટે રૂા. ૧.૭૫ કરોડ (૧૭૫ લાખ) ના ખર્ચે રિસર્ફેસીંગ કામગીરીને વહીવટી મંજૂરી અપાવવામાં આવી છે.સનાળી-તરઘરી (નોનપ્લાન) રોડના કુલ ૪ કિલોમીટરના અંતરમાં અત્યાધુનિક રિસર્ફેસીંગ કરવામાં આવશે.આ પ્રોજેક્ટમાં માત્ર રોડ જ નહીં, પરંતુ રસ્તાને આનુષાંગિક અન્ય જરૂરી મજબૂતીકરણની કામગીરીનો પણ સમાવેશ કરાયો છે.મંત્રી કૌશિક વેકરિયાએ જણાવ્યું હતું કે, છેવાડાના ગામડાઓ સુધી પાકા રસ્તાની સુવિધા પહોંચાડવી એ સરકારની પ્રાથમિકતા છે. આ રસ્તાની બિસ્માર હાલત સુધરતા ગ્રામીણ કનેક્ટિવિટી મજબૂત થશે અને સ્થાનિક પરિવહનમાં આમૂલ પરિવર્તન આવશે. વિકાસલક્ષી આ નિર્ણયને પગલે કુંકાવાવ પંથકના ગ્રામજનો અને આગેવાનોમાં ભારે હર્ષની લાગણી ફેલાઈ છે અને તેઓએ મંત્રીનો આભાર માન્યો છે. આ કામગીરીથી સ્થાનિક ખેડૂતો અને વાહનચાલકોને મોટી રાહત મળશે.

# વડેરા ગામે ભક્તિમય માહોલમાં શિવ મહાપુરાણ કથાનો પ્રારંભ




અમરેલી,તા.૨૦

અમરેલી નજીક આવેલ વડેરા ગામે અક્ષય તૃતીયાના પવિત્ર અવસરે સમસ્ત ગ્રામજનોના સહયોગથી શિવ મહાપુરાણ કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. કથાના પ્રથમ દિવસે ગામમાં વાજતે-ગાજતે પોથીયાત્રા નીકળી હતી, જેમાં શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ મહિલાઓએ રાસ-ગરબાની રમઝટ બોલાવી સમગ્ર વાતાવરણને શિવમય બનાવી દીધું હતું. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પ્રચાર વચ્ચે, ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો પણ આ ધાર્મિક પ્રસંગે જનસંપર્ક માટે જોડાયા હતા.

# અમરેલી ગજેરા સંકુલ દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન : દીકરીઓમાં અનેરો ઉત્સાહ



અમરેલી,તા.૨૦

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ-સુરત સંચાલિત, શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ માધ્યમિક કન્યા શાળા દ્વારા વિદ્યાર્થીનીઓ માટે એક ભવ્ય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ ૧૮/૦૪/૨૦૨૬ના રોજ રાત્રે અમરેલી સ્થિત ગજેરા શૈક્ષણિક સંકુલ ખાતેથી આ પ્રવાસનો પ્રારંભ થયો હતો.આ પ્રવાસ અંતર્ગત વિદ્યાર્થીનીઓ દ્વારકા જેવા વિવિધ ધાર્મિક અને શૈક્ષણિક સ્થળોની મુલાકાત લેશે. શાળા દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આ પ્રકારના પ્રવાસો વિદ્યાર્થીનીઓના સર્વાંગી વિકાસ માટે અત્યંત ઉપયોગી સાબિત થાય છે. પ્રવાસને લઈ દીકરીઓમાં ભારે આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. શાળા મેનેજમેન્ટ દ્વારા પ્રવાસનું સુંદર સંચાલન કરવામાં આવ્યું છે.

# સાવરકુંડલામાં પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દૂધાતનો 'જન સંપર્ક પ્રવાસ': આગામી ચૂંટણીઓમાં પરિવર્તન માટે હાકલ



સાવરકુંડલા,તા.૨૧

અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દૂધાત દ્વારા સાવરકુંડલા તાલુકાના વિવિધ ગામોમાં વ્યાપક 'જન સંપર્ક પ્રવાસ' ખેડવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત સવારના સમયે દોલતી, મેરિયાણા, ભમ્મર અને ઘાણલા સહિતના ગામોમાં મુલાકાત લીધી હતી, જ્યારે બપોર બાદ હાડીડા, મઢડા, નેસડી અને ધારગણી સહિતના ગામોમાં ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધ્યો હતો. પ્રતાપ દૂધાતે નાગરિકો સાથે રહીને પરિવર્તન લાવવાની હાકલ કરી હતી. આ પ્રવાસ દરમિયાન મોટી સંખ્યામાં કોંગ્રેસના અગ્રણીઓ, કાર્યકરો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જાફરાબાદમાં પરશુરામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી: ભક્તિમય માહોલમાં નીકળી શોભાયાત્રા



જાફરાબાદ,તા.૨૦

જાફરાબાદ ખાતે ભુદેવ ગ્રુપ તથા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા ભગવાન પરશુરામ જન્મોત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે રામજી મંદિરથી એક ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન થયું હતું, જે શહેરના વિવિધ વિસ્તારો જેવા કે નાના ઉચાણીયા, ગીરીરાજ ચોક, નવી બજાર અને બંદર ચોક થઈ કામનાથ મહાદેવ મંદિરે પહોંચી હતી. આ ઉત્સવમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના સુપુત્ર ભાવેશભાઈ સોલંકી સહિત વિવિધ સમાજના અગ્રણીઓ, વેપારી મંડળો અને હિન્દુ સંગઠનોના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# અમરેલીમાં 'એક શામ શહીદ કે નામ' અંતર્ગત ફાયર એક્ઝિબિશન



અમરેલી,તા.૨૦

અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ દ્વારા 'ફાયર સર્વિસ ડે' નિમિત્તે 'એક શામ શહીદ કે નામ' કાર્યક્રમ હેઠળ ભવ્ય ફાયર એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષ ૧૯૪૪માં મુંબઈ ડોકયાર્ડની આગમાં શહીદ થયેલા ૬૬ જવાનોની સ્મૃતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર અને એસ.પી. સહિતના ઉચ્ચ અધિકારીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

# મિતિયાળા પંથકમાં મધરાતે ભૂકંપનો આંચકો: ૨.૮ની તીવ્રતાથી ધરતી ધ્રુજતા લોકોમાં ફફડાટ

સાવરકુંડલા,તા.૨૦

સાવરકુંડલા તાલુકાનું મિતિયાળા ગામ અને આસપાસનો વિસ્તાર છેલ્લા એક મહિનાથી સતત ભૂકંપના આંચકાઓથી ધ્રુજી રહ્યો છે. ગઈકાલે મધરાતે ૩:૩૬ કલાકે ૨.૮ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાતા નિદ્રાધીન લોકો ભયના માર્યા જાગી ગયા હતા. આ આંચકાનું કેન્દ્રબિંદુ અમરેલીથી દક્ષિણે આશરે ૪૪ કિલોમીટર દૂર જમીનમાં ૧૦ કિમીની ઊંડાઈએ નોંધાયું હતું.

મિતિયાળા ઉપરાંત ખાંભા, ભાડ, વાંકીયા, ઈંગોરાળા અને સાકરપરા સહિતના ગામોમાં પણ ભૂકંપની અસર જોવા મળી હતી. અભયારણ્યને અડીને આવેલા આ ડુંગરાળ વિસ્તારમાં છેલ્લા એક માસથી અવારનવાર આવી રહેલી ભૂગર્ભીય હલચલને કારણે સ્થાનિકો સતત ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. જોકે, ભૂસ્તર વિજ્ઞાનીઓના મતે ઓછી ઊંડાઈના આ આંચકાઓને કારણે મોટું નુકસાન થવાની સંભાવના ઓછી છે, પરંતુ સતત આવતા ધ્રુજારીના અવાજોથી જનતામાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

# ચારણ સમઢીયાળાના બટુકભાઈ મોવલીયાએ પુત્રના લગ્નમાં પ્રિ-વેડિંગના બદલે પાણીના પરબ બનાવ્યા



તસવીર : કિરીટ જોટવા

વડિયા,તા.૨૦

આજના સમયમાં લગ્નપ્રસંગે લાખો રૂપિયાના બિનજરૂરી ખર્ચ અને પ્રિ-વેડિંગ શૂટના આધુનિક દૂષણ વચ્ચે ચારણ સમઢીયાળાના વતની અને સુરતના ઉદ્યોગપતિ બટુકભાઈ ફુલાભાઈ મોવલીયાએ સમાજને નવી રાહ ચીંધી છે. તેમના સુપુત્ર ચિ. યશકુમારના લગ્ન આગામી ૨૫ એપ્રિલ ૨૦૨૬ના રોજ પરબ વાવડી ખાતે નિર્ધારિત છે. બટુકભાઈએ પ્રિ-વેડિંગ પાછળ થતા ખર્ચના બદલે પોતાના સ્વર્ગસ્થ ધર્મપત્નીની સ્મૃતિમાં જેતપુરના પીઠડીયા અને વડિયાના ભવાની ચોક ખાતે ઠંડા પાણીના પરબ બનાવી જનતાને અર્પણ કર્યા છે. લગ્ન જેવા મંગલ પ્રસંગે લોકોની તરસ છિપાવતી આ કાયમી અસ્કામતનું નિર્માણ કરીને તેમણે અનોખો સેવાકીય અભિગમ દાખવ્યો છે.

# લાઠીની માતૃશ્રી પુરીબેન શંકર વિદ્યાલયમાં વાલી સંમેલન અને વિદ્યાર્થી સત્કાર સમારોહ સંપન્ન




લાઠી,તા.૨૦

લાઠી સ્થિત માતૃશ્રી પુરીબેન માવજીભાઈ શંકર વિદ્યાલય ખાતે તારીખ ૧૭ એપ્રિલ ૨૦૨૬ના રોજ વાલી સંમેલન અને વિદ્યાર્થી સત્કાર સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શિવમ ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ઘનશ્યામભાઈ શંકર અને શ્રીમતી ગીતાબેન શંકર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શ્રી અજીતભાઈ સોલંકી અને મુંબઈથી શ્રી રાજેશભાઈ પટેલે પણ હાજરી આપી હતી.

કાર્યક્રમમાં વર્ષ દરમિયાન શૈક્ષણિક અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં વિશેષ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા. મહાનુભાવોએ વાલીઓને શિક્ષણ પ્રત્યે જાગૃતિ કેળવવા અનુરોધ કર્યો હતો. વાલીઓએ શાળાની શૈક્ષણિક કાર્યપધ્ધતિ અને સવલતો પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો હતો. વિશાળ સંખ્યામાં વાલીઓની ઉપસ્થિતિએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.









# બાબરામાં ભગવાન પરશુરામ પ્રાગટ્ય મહોત્સવની ભવ્ય ઉજવણી

**ગાયત્રી મંદિર ખાતે શાસ્ત્રોક્ત વિધિથી પૂજન-અર્ચન અને મહાઆરતી સંપન્ન**



બાબરા,તા.૨૦

બાબરા શહેરમાં સમસ્ત યુવા બ્રહ્મસમાજ દ્વારા આરાધ્ય દેવ ભગવાન પરશુરામના પ્રાગટ્ય મહોત્સવની ભવ્ય ઉજવણી બ્રહ્મસમાજની વાડી સ્થિત ગાયત્રી મંદિર ખાતે હર્ષોલ્લાસ સાથે કરવામાં આવી હતી. આ મંગલ અવસરે વડીલ અગ્રણી શૈલેષભાઈ કનૈયાના યજમાનપદે શાસ્ત્રી સુનિલભાઈ ત્રિવેદી, ઉદયભાઈ જાની અને યગ્નેશભાઈ શુક્લ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે પૂજન-અર્ચન વિધિ સંપન્ન કરવામાં આવી હતી. ત્યારબાદ યોજાયેલી ભવ્ય મહાઆરતીમાં 'જય જય પરશુરામ'ના ગગનભેદી જયઘોષ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. આ ધાર્મિક મહોત્સવમાં સમાજના અનેક શ્રેષ્ઠીઓ તેમજ ભૂદેવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને મહોત્સવને સફળ બનાવવા યુવા કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# રાજુલામાં ભગવાન પરશુરામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી: શોભાયાત્રા, મહાઆરતી અને મહાપ્રસાદનું આયોજન



રાજુલા,તા.૨૦

રાજુલા શહેરમાં દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ભગવાન પરશુરામજીની જયંતિની સમસ્ત બ્રહ્મસમાજ અને પરશુરામ યુવા ગ્રુપ દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે ગાયત્રી મંદિર તળાવ કાંઠેથી એક વિશાળ શોભાયાત્રાનો પ્રારંભ થયો હતો, જે શહેરના મુખ્ય માર્ગો, પોલીસ સ્ટેશન, હોસ્પિટલ ચોક અને માર્કેટિંગ યાર્ડ થઈ ભરતનગર કોમ્યુનિટી હોલ ખાતે સંપન્ન થઈ હતી. શોભાયાત્રા દરમિયાન ભૂદેવોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. માર્ગો પર માતાઓ-બહેનોએ રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી, જ્યારે 'હર હર મહાદેવ' અને 'જય પરશુરામ'ના નાદથી શહેરની ગલીઓ ગુંજી ઉઠી હતી. આ પ્રસંગે શહેરના વેપારીઓ અને અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. શોભાયાત્રાના સમાપન બાદ ભગવાનની મહાઆરતી અને ત્યારબાદ બ્રહ્મચોર્યાસી (મહાપ્રસાદ)નું ભવ્ય આયોજન કરાયું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા પરશુરામ યુવા ગ્રુપ અને બ્રહ્મસમાજના કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# બગસરા માર્કેટિંગ યાર્ડમાં RTO દ્વારા ૨૫થી વધુ કૃષિ વાહનોમાં રેડિયમ રિફ્લેક્ટર લગાવાયા



અમરેલી,તા.૨૦

માર્ગ અકસ્માતો ઘટાડવાના હેતુથી એ.આર.ટી.ઓ. અમરેલી દ્વારા બગસરા માર્કેટિંગ યાર્ડ ખાતે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ અંતર્ગત યાર્ડમાં આવેલા અંદાજે ૨૫ જેટલા ટ્રેક્ટર અને સનેડા જેવા કૃષિ વાહનોમાં વિનામૂલ્યે રેડિયમ રિફ્લેક્ટર લગાવવામાં આવ્યા હતા.સામાન્ય રીતે ગ્રામીણ રસ્તાઓ પર સ્ટ્રીટ લાઈટના અભાવે અને કૃષિ વાહનોમાં લાઈટ કે પાર્કિંગ લાઈટ ન હોવાને કારણે રાત્રિના સમયે અકસ્માતનો ભય રહે છે. આ રેડિયમ રિફ્લેક્ટર રાત્રે પ્રકાશ પડતા ચમકે છે, જેનાથી અકસ્માતો અટકાવી શકાય છે.

# બગસરામાં ભગવાન પરશુરામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ



બગસરા,તા.૨૦

બગસરા શહેરમાં સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ભગવાન પરશુરામ જન્મોત્સવની ખૂબ જ ઉત્સાહભેર અને ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ મંગલમય અવસરે બગસરાના પવિત્ર પરશુરામ ધામ ખાતે શ્રધ્ધાપૂર્વક ભગવાન પરશુરામનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સમસ્ત બ્રહ્મ સમાજ ભવન ખાતે પણ વિશેષ પૂજાવિધિ સંપન્ન થઈ હતી. આ પ્રસંગે સમાજના શ્રેષ્ઠીઓ દ્વારા વિવિધ ક્ષેત્રના અધિકારીઓ અને જ્ઞાતિના ગૌરવ સમાન મહાનુભાવોનું ભાવભર્યું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે પરંપરાગત રીતે 'બ્રહ્મચોર્યાસી' એટલે કે જ્ઞાતિ સમૂહ ભોજનનું સુંદર આયોજન થયું હતું, જેમાં બહોળી સંખ્યામાં ભૂદેવોએ ઉમળકાભેર ભાગ લઈને પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

# અમરેલીમાં કોળી સમાજનું વિજય સંકલ્પ સંમેલન યોજાયું

**નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપના પાંચ ઉમેદવારોને જીતાડવા સમાજનો નિર્ધાર**

અમરેલી,તા.૨૦

અમરેલીના કેરિયા રોડ પર આવેલા બાળ હનુમાન મંદિર ખાતે સમસ્ત કોળી સમાજનું સ્નેહમિલન યોજાયું હતું. ભનુભાઈ ડાભીના માર્ગદર્શન હેઠળ આગામી નગરપાલિકા ચૂંટણીમાં ભાજપના પાંચ ઉમેદવારોને જંગી બહુમતીથી વિજયી બનાવવા સંકલ્પ લેવાયો હતો. આ પ્રસંગે મનિષભાઈ ઘરજીયા સહિતના ઉમેદવારોની પેનલને સમર્થન જાહેર કરાયું હતું. તુષારભાઈ માંડવીયા પરિવાર દ્વારા ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. સંમેલનમાં અગ્રણીઓએ ૧૦૦ ટકા મતદાન કરવા અપીલ કરી હતી અને સામાજિક ઉત્થાનના વિવિધ મુદ્દાઓ પર ગંભીર ચર્ચાઓ કરવામાં આવી હતી.

**ભવ્ય શોભાયાત્રા અને રાસ-ગરબાની જમાવટ**

# અમરેલીના લાપાળીયા ગામે નૂતન રામજી મંદિરનો પ્રથમ પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો



અમરેલી,તા.૨૦

અમરેલી જિલ્લાના લાપાળીયા ગામે આશરે રૂા. ૧.૫૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલા નૂતન રામજી મંદિરનો પ્રથમ પાટોત્સવ ભારે ધામધૂમ અને ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ મંગલ પ્રસંગે સમગ્ર ગ્રામીણ પંથકમાં ધાર્મિક અને સાંસ્કૃતિક માહોલ છવાયો હતો. ખાસ કરીને વતનના વહાલ ખેંચાઈને સુરતથી પણ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.ઉત્સવના પ્રારંભે સવારે ૮:૦૦ કલાકે ભગવાન રામ, લક્ષ્મણ અને સીતાજીની મૂર્તિઓનું વૈદિક મંત્રોચ્ચાર સાથે અભિષેક અને પૂજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક વિધિ બાદ માનવતા અને જીવદયાના કાર્યરૂપે ગામમાં કીડીયારું પૂરવામાં આવ્યું હતું અને ગૌમાતાને ઘાસચારો અર્પણ કરાયો હતો. બપોરના સમયે ગામના મુખ્ય માર્ગો પર ભવ્ય શોભાયાત્રા નીકળી હતી, જેમાં ભજન મંડળીઓ અને પરંપરાગત વાદ્યોના તાલે ગ્રામજનો ઝૂમી ઉઠ્યા હતા.આ અવસરે 'ગામ સમસ્ત' ધુમાડાબંધ ભોજન પ્રસાદનું સુંદર આયોજન કરાયું હતું, જેમાં દાતાઓ દ્વારા ઉદાર હાથે દાનની સરવાણી વહેવડાવવામાં આવી હતી. રાત્રિના સમયે યોજાયેલા રાસ-ગરબાના કાર્યક્રમમાં અબાલ-વૃધ્ધ સૌ કોઈ ઉત્સાહભેર જોડાયા હતા. આમ, રામજી મંદિરના પ્રથમ પાટોત્સવે લાપાળીયા ગામને ભક્તિના રંગે રંગી દીધું હતું.

# અમરેલી ગજેરા શૈક્ષણિક સંકુલ દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન



અમરેલી,તા.૨૦

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ-સુરત સંચાલિત, શ્રી બી.એન. વિરાણી ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળા દ્વારા વિદ્યાર્થીનીઓ માટે એક ભવ્ય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી સ્થિત ગજેરા શૈક્ષણિક સંકુલ ખાતેથી પ્રવાસનો પ્રારંભ થયો હતો. આ પ્રવાસ અંતર્ગત વિદ્યાર્થીનીઓએ જામનગર પાસે આવેલ નરારા બેટ, બેટ દ્વારકા અને સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા મહત્વનાં સ્થળોની મુલાકાત લીધી હતી. શૈક્ષણિક અને પ્રવાસન સ્થળોની મુલાકાતને લઈ વિદ્યાર્થીનીઓમાં ભારે આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. શાળા મેનેજમેન્ટ દ્વારા આ આયોજનને સફળ બનાવવામાં આવ્યું હતું.

# લીલીયા મોટામાં ભગવાન પરશુરામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ



લીલીયા,તા.૨૦

લીલીયા મોટા ખાતે સમસ્ત બ્રહ્મ સમાજ યુવા પાંખ દ્વારા ભગવાન પરશુરામ જન્મોત્સવની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ મંગલ અવસરે સા.કુંડલા લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ ભીડભંજન મહાદેવ મંદિરથી ભવ્ય બાઈક રેલી સાથે કરવામાં આવ્યો હતો.ત્યારબાદ વડવાળા હનુમાનજી મંદિર ખાતે ધારાસભ્ય અને અગ્રણીઓ દ્વારા ભગવાન પરશુરામની પ્રતિમાનું પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું અને શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવાયું હતું. આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ, સહિત બ્રહ્મ સમાજના અગ્રણીઓ અને વિવિધ સંગઠનોના હોદ્દેદારો મોટી સંખ્યામાં જોડાયા હતા. શોભાયાત્રામાં બ્રહ્મ પરિવારોના ઉત્સાહથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા જયેશભાઈ મહેતા અને યુવા પાંખના કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી. ગૂંજતા જયઘોષ સાથે લીલીયાના મુખ્ય માર્ગો પર શોભાયાત્રા ફરી હતી.

# સાવરકુંડલામા મહિલા ઉત્થાન મંડળ દ્વારા ઠંડા શરબતનું વિતરણ



સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલામાં ૨૦ એપ્રિલ ૨૦૨૬ના રોજ ગણેશ ચતુર્થીના પવિત્ર અવસરે મહિલા ઉત્થાન મંડળ દ્વારા પ્રેરણાદાયી સેવા કાર્ય સંપન્ન થયું. રિદ્ધિસિદ્ધિનાથ મહાદેવ મંદિર ચોક ખાતે આયોજિત આ કાર્યક્રમમાં કેશુડાના ફૂલોના અર્ક અને સાકરથી બનેલા ઠંડા શરબતનું વિતરણ કરવામાં આવ્યું હતું. વૈશાખ માસના કાળઝાળ તાપમાં પસાર થતા અનેક રાહદારીઓએ આ શરબતનો લાભ લઈ ગરમીમાં રાહત અને તૃપ્તિનો અનુભવ કર્યો હતો. સ્થાનિક લોકોએ આ ઉમદા કાર્યને બિરદાવ્યું હતું. મંડળની બહેનોએ ભારે જહેમત ઉઠાવીને આ સેવા યજ્ઞને સફળ બનાવ્યો હતો.








સંકુલ ગર્લ્સ કોમર્સ બપોર
સંકુલ મિશ્ર કોમર્સ સવાર
સંકુલ EM કોમર્સ સવાર
ધો. ૧૧-૧૨ EM-GM પ્રવેશ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad014


**-:: CHANGE NAME ::-**

I Undersign I KACHHADIYA DIPAKKUMAR NARANBHAI have changed my name from KACHHADIA DEEPAKKUMAR NARANBHAI To KACHHADIYA DIPAKKUMAR NARANBHAI (New) Now i will be known as KACHHADIYA DIPAKKUMAR NARANBHAI (new)
Sign : KACHHADIYA DIPAKKUMAR NARANBHAI
Address: 4-1534, PRANAM, GOKUL DHAM SOCIETY, HANUMANPAR ROAD, AT-AMRELI, DIS-AMRELI-365601

**-:: CHANGE NAME ::-**

I Undersign I KACHHADIYA NIRMALABEN DIPAKKUMAR have changed my name from KACHHADIA NIRMALA DEEPAKKUMAR To KACHHADIYA NIRMALABEN DIPAKKUMAR (New) Now i will be known as KACHHADIYA NIRMALABEN DIPAKKUMAR (new)
Sign : KACHHADIYA NIRMALABEN DIPAKKUMAR
Address: 4-1534, PRANAM, GOKUL DHAM SOCIETY, HANUMANPAR ROAD, AT-AMRELI, DIS-AMRELI-365601

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ગીરગઢડાની કોર્ટમાં //-**

નં. જન્મ-મરણ કેસ.નં. 54/2026

પ્રતિ,
દુલાભાઈ ભગવાનભાઈ બલદાણીયા
રહે.ધોકડવા, તા. ગીરગઢડા, જિ. ગીરસોમનાથ
વકીલશ્રી એસ.બી.ભાલીયા, ગીરગઢડા ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ધોકડવા, તા. ગીરગઢડા,
જિ. ગીરસોમનાથ .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના ધોકડવા ગામના રહીશ દુલાભાઈ ભગવાનભાઈ બલદાણીયા તથા પાર્વતીબેન દુલાભાઈ બલદાણીયાના પુત્રી મનીષાબેન ભગવાનભાઈ બલદાણીયાનો જન્મ તારીખ.01/06/1988ના રોજ ગીરગઢડા તાલુકાના ધોકડવા ગામ ખાતે થયેલ છે, જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, ધોકડવા તાલુકો-ગીરગઢડા સને-1988 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૭/૦૪/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૭/૦૩/૨૦૨૬નાં રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યો.

સહી
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા

# ચલાલા ખાતે રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલ ખાતે ભવ્ય ઈનામ વિતરણ સમારોહ યોજાયો

ચલાલા,તા.૨૦



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ, ચલાલા સંચાલિત અને પ.પૂ. સંતશ્રી ડૉ. રતિદાદાના સાનિધ્યમાં કાર્યરત રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલ ખાતે વિદ્યાર્થિનીઓના પ્રોત્સાહન અર્થે 'પ્રમાણપત્ર અને ઈનામ વિતરણ' કાર્યક્રમનું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વર્ષ દરમિયાન શૈક્ષણિક, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં વિશેષ સિધ્ધિ મેળવનાર દીકરીઓને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરાઈ હતી.કાર્યક્રમનો પ્રારંભ મંગલ દીપ પ્રાગટ્યથી થયો હતો. અતિથિ વિશેષ ભારતભૂષણ મહેશભાઈ મહેતા અને સંસ્થાના ડાયરેક્ટર શીતલબેન મહેતાએ તેજસ્વી વિદ્યાર્થિનીઓને પ્રમાણપત્રો તેમજ ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ એનાયત કર્યા હતા.

મહેશભાઈએ જણાવ્યું કે આ શાળા દીકરીઓને શિક્ષણની સાથે કરાટે, અશ્વસવારી અને રાઈફલ શૂટિંગ જેવી તાલીમ આપી રાષ્ટ્રસેવા માટે સજ્જ કરે છે. સમગ્ર સંચાલન દીકરીઓએ જાતે સંભાળ્યું હતું અને સ્ટાફગણે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સા.કુંડલામાં ભગવાન પરશુરામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી

સાવરકુંડલા,તા.૨૦



સાવરકુંડલાની પવિત્ર ધરા પર અક્ષય તૃતીયાના પાવન પર્વે ભગવાન પરશુરામ પ્રાગટ્ય ઉત્સવની અભૂતપૂર્વ ઉજવણી કરવામાં આવી હતી. પરશુરામ સેના દ્વારા આયોજિત આ ભવ્ય શોભાયાત્રામાં સમગ્ર તાલુકામાંથી ઉમટેલા ભૂદેવોના 'જય પરશુરામ' ના ગગનભેદી નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ બ્રહ્મ પરિવારોએ શિસ્તબધ્ધ રીતે રાજમાર્ગો પર ભ્રમણ કર્યું, જ્યાં નગરજનોએ પુષ્પવર્ષા સાથે સ્વાગત કર્યું હતું. કાર્યક્રમમાં મહાઆરતી અને બ્રહ્મભોજનના આયોજન દ્વારા જ્ઞાતિ સંગઠનની પ્રબળ શક્તિના દર્શન થયા હતા. અમિતભાઈ પંડ્યાના નેતૃત્વમાં યુવાનોની જહેમતથી આ ઉત્સવ સાંસ્કૃતિક જતનનું પ્રતિક બની રહ્યો હતો.

# જાફરાબાદમાંથી તીનપત્તી રમતી ચાર મહિલાઓ ઝડપાઈ

**ખુલ્લી જગ્યામાં જુગાર રમી રહેલી ચાર મહિલાઓને પોલીસે ઝડપી**

જાફરાબાદ, તા. ૨૦

જાફરાબાદ અહીંની ગાયત્રી સોસાયટીમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમી રહેલી ચાર મહિલાઓને પોલીસે ઝડપી પાડી છે. તેમની પાસેથી કુલ રૂ. ૧૩,૭૨૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ મહિલાઓ બહાદુરભાઈ હસનાનીના ઘરની બાજુમાં જાહેરમાં પૈસા અને પાના વડે હાર-જીતનો તીનપત્તીનો જુગાર રમી રહી હતી ત્યારે જ પોલીસ ત્રાટકી હતી. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એલ. એચ. બાબરીયા આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ધારીના દલખાણીયા ગામની ૨૪ વર્ષીય પરિણીતા રહસ્યમય રીતે ગુમ

ધારી, તા. ૨૦

ધારી તાલુકાના દલખાણીયા ગામેથી એક ૨૪ વર્ષીય પરિણીતા કોઈને પણ કહ્યા વગર અચાનક ગુમ થઈ હોવાની ઘટના સામે આવી છે. પરિણીતા મોડી રાત્રે ઘરેથી નીકળ્યા બાદ પરત ન ફરતા પરિવારે પોલીસનો સંપર્ક સાધ્યો હતો.મિલનભાઈ મનસુખભાઈ બુટાણી (ઉ.વ. ૨૬)એ નોંધાવેલી વિગત મુજબ, તેમના પત્ની જીનલબેન બુટાણી (ઉ.વ. ૨૪) ગત તા. ૧૫ માર્ચ, ૨૦૨૬ના રોજ રાત્રિના સમયે ઘરે હાજર હતા. જોકે, રાત્રિના આશરે ૧૨:૦૦ થી સવારના ૬:૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન તેઓ કોઈને કંઈ પણ કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા હતા.

સવારે પરિવારજનો જાગ્યા ત્યારે જીનલબેન ઘરે જોવા મળ્યા ન હતા. આસપાસના વિસ્તારો અને સગા-સંબંધીઓને ત્યાં તપાસ કરવા છતાં તેમની કોઈ ભાળ મળી ન હતી. આખરે આ મામલે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે ગુમશુદગીની નોંધ કરી શોધખોળ શરૂ કરી છે. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.એચ. વાઘ આ અંગે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# રાજુલા એસ.ટી. ડેપો દ્વારા મુસાફરો માટે ઠંડી છાશના વિતરણનું આયોજન



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૨૦

ઉનાળાની કાળઝાળ ગરમીમાં મુસાફરોને રાહત આપવાના ઉમદા હેતુથી આજે રાજુલા ડેપો ખાતે ઠંડી છાશના વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. રાજુલા ડેપો મેનેજર જોશી, ભરતભાઈ વરુ, ગૌતમકુમાર પઢિયાર, મિલનભાઈ ચાવડા, અને હર્ષભાઈ ડોડીયા સહિતના તમામ કર્મચારી મિત્રોએ સાથે મળીને ડેપો પર આવતા-જતા મુસાફરોને ઠંડી છાશ પીવડાવી હતી.

# અમરેલીના સાજીયાવાદર ગામે બેફામ બોલેરોએ બાઈક સવારને અડફેટે લીધો

અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લામાં માર્ગ અકસ્માતની ઘટનાઓ સતત વધી રહી છે, ત્યારે સાજીયાવાદર ગામના બસ સ્ટેન્ડ પાસે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે આવતી બોલેરો પીકઅપના ચાલકે બાઈક સવાર યુવકને જોરદાર ટક્કર મારતા તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી.દિનેશભાઈ બચુભાઈ પરમાર (ઉ.વ. ૪૫) એ બોલેરો ચાલક સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, બે દિવસ પહેલા સાંજના આશરે સાડા સાત વાગ્યાના સુમારે આ ઘટના બની હતી. તેઓ પોતાની મોટરસાયકલ લઈને સાજીયાવાદર ગામના બસ સ્ટેન્ડ પાસે ઉભા હતા, તે દરમિયાન આરોપીએ પોતાના હવાલાવાળી બોલેરો પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવી લાવી મોટરસાયકલને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે દિનેશભાઈ નીચે પટકાતા તેમનું બાઈક તેમના જમણા પગ પર પડ્યું હતું. આ અકસ્માતમાં તેમને ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ પહોંચી હતી. હાલ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. કે. ડામોર આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં વેપારીને મોતનો ડર બતાવી બુલેટ અને રૂ.૪.૧૦ લાખ પડાવ્યા

**કુહાડીના હાથા વડે માર મારી હપ્તાની માંગણી**

રાજુલા, તા. ૨૦

રાજુલામાં કાયદો અને વ્યવસ્થાને પડકાર ફેંકતી એક ગંભીર ઘટના સામે આવી છે. જેમાં એક વેપારીને છેલ્લા સાડા ત્રણ વર્ષથી ડરાવી-ધમકાવી, તેની પાસેથી લાખો રૂપિયાની રોકડ અને કિંમતી બુલેટ બળજબરીથી પડાવી લેનાર બે શખ્સો વિરુધ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.આ અંગે અફજલભાઈ અલ્તાફહુસૈન લાખાણી (ઉ.વ. ૩૭) એ ઉચૈયા ગામના ઉમેશભાઈ દાદાભાઈ ધાખડા તથા દિલીપભાઈ બેપારીયા સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આશરે સાડા ત્રણેક વર્ષ પહેલા આરોપી ઉમેશભાઈ ધાખડાએ વેપારીનો સંપર્ક કરી ઓળખાણ કેળવી હતી. ત્યારબાદ તેને ડરાવી-ધમકાવી શરૂઆતમાં રૂ.૧૦,૦૦૦ પડાવ્યા હતા. આટલેથી ન અટકતા, આરોપીએ અવારનવાર જાનથી મારી નાખવાની ધમકી આપી ફરિયાદીનું બુલેટ બળજબરીથી પોતાના નામે લખાવી લીધું હતું. આ ઉપરાંત, સમયાંતરે મોતનો ભય બતાવી કુલ રૂ.૪,૧૦,૦૦૦ કટકે-કટકે પડાવી લીધા હતા. તા. ૧૮/૦૪/૨૦૨૬ ના રોજ સાંજના સમયે આરોપી ઉમેશભાઈ ધાખડા અને દિલીપભાઈ બેપારીયા ફોર વ્હીલર ગાડી લઈને ફરિયાદીના ભંગારના ડેલે ધસી આવ્યા હતા. ત્યાં બંનેએ વેપારીને બેફામ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આરોપી દિલીપભાઈએ યુવકને ઝાપટો મારી હતી, જ્યારે ઉમેશ ધાખડાએ કુહાડીના હાથા વડે ફરિયાદીના વાંસાના ભાગે ફટકા મારી ગંભીર મૂઢ ઈજાઓ પહોંચાડી હતી. હુમલાખોરોએ વેપારી પાસે દર મહિને રૂ.૧૦,૦૦૦ ના હપ્તાની માંગણી કરી હતી અને જો આ પૈસા નહીં આપવામાં આવે તો જાનથી મારી નાખવાની ખુલ્લી ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ. એફ. ચૌહાણ આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: પાંચમ
તા.૨૧-૦૪-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૫:૫૦,
સૂર્યાસ્ત-૦૬:૫૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: મૃગશીર્ષા

## દૈનિક રાશિફળ

**તા.૨૧-૦૪-૨૦૨૬ મંગળવાર**

મેષ: સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. વ્યવસાયિક ગતિવિધિઓ સામાન્ય રહેશે. આવક સાથે-સાથે ખર્ચ વધારે રહેશે. પતિ-પત્નીના સંબંધ સુખમય જળવાયેલાં રહેશે.

વૃષભ: તમારા સ્વભાવને સહજ જાળવી રાખો, ગુસ્સાના કારણે સ્થિતિ ખરાબ થઇ શકે છે. ઘરમાં મહેમાનો આવવાથી ઘરનું વાતાવરણ સુખમય રહેશે.

મિથુન: ભવિષ્યને લગતી યોજનાઓને ફળીભૂત કરવા માટે સમય અનુકૂળ છે. તાવ, ઉધરસ અને સિઝલન પરેશાની આવી શકે છે.

કર્ક: સમયની કિંમતને ઓળખો. ઘર તથા વેપારમાં જીવનસાથીનો સહયોગ તમને તણાવમુક્ત રાખશે. આજે કાર્યક્ષેત્રમાં સારી વ્યવસાયિક યોજનાઓ બનશે.

સિંહ: કાર્યક્ષેત્રમાં કર્મચારીઓ સાથે કોઇ વાતને લઇને મતભેદ થઇ શકે છે. સામાજિક ગતિવિધિઓમાં તમારો મોટાભાગનો સમય પસાર થશે.

કન્યા: અજાણ્યા લોકોનો સંપર્ક ન રાખો. પરિવારમાં સુખ-શાંતિ જળવાયેલી રહેશે. વધારે કામ સાથે-સાથે યોગ્ય આરામ પણ લેવો જરૂરી છે.

તુલા: હાલ વર્તમાન પરિસ્થિતિઓ વધારે અનુકૂળ નથી. આજે તમે તમારા વ્યક્તિગત સંબંધને મજબૂત કરવામાં વધારે ધ્યાન આપશો.

વૃશ્ચિક: આ સમયે કામકાજ પ્રત્યે પૂર્ણ ગંભીરતાથી ધ્યાન આપવાની જરૂરિયાત છે. અચાનક જ થોડા બિનજરૂરી ખર્ચ સામે આવી શકે છે.

ધન: કાર્યક્ષેત્રમાં કોઇ કામ અટકી શકે છે. મુશ્કેલીઓ તથા વિઘ્નો સિવાય તમે તમારા આત્મવિશ્વાસને જાળવી રાખશો.

મકર: કોઇ નવા વેપારને શરૂ કરવા માટે સમય અનુકૂળ છે. ખોટા કાર્યોમાં સમય ખરાબ ન કરો. પતિ-પત્ની વચ્ચે ઘરમાં જ કોઇ સમસ્યાને લઇને તણાવ રહેશે.

કુંભ: તમારી જવાબદારીઓને અન્ય લોકો સાથે વહેંચતા શીખો. જીવનસાથી તથા પરિવારના લોકોનો સહયોગ તમારા મનોબળને વધારશે.

મીન: વ્યવસાયમાં વિસ્તારને લગતી યોજનાઓને શરૂ કરવા માટે યોગ્ય સમય છે. વાહન સાવધાનીપૂર્વક ચલાવો. પરિવારજનો સાથે સમય પસાર કરવો.

# અમરેલીમાં એક્ટિવા અથડાવવા બાબતે ઠપકો આપનાર વેપારી પર છરીથી હુમલો

**ઢીકાપાટુનો મૂઢમાર પણ માર્યો**

અમરેલી, તા. ૨૦

અમરેલી શહેરના એક વિસ્તારમાં પાનની દુકાન ચલાવતા વેપારી પર ત્રણ શખ્સોએ હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા ચકચાર મચી ગઈ હતી. એક્ટિવા વ્યવસ્થિત ચલાવવાનું કહેવા જેવી નજીવી બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. આ અંગે સિરાજભાઈ મેહબુબભાઈ કુરેશી (ઉ.વ.૪૦) એ દાદલીમીયા રફીકમીયા સૈયદ, ઈરફાનભાઈ રફીકભાઈ સૈયદ તથા અજુમીયા રફીકમીયા સૈયદ સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ફરિયાદી પોતાની 'ડીલક્સ પાન' નામની દુકાન પર બેઠા હતા, તે સમયે આરોપી દાદલીમીયા સૈયદ પોતાની એક્ટિવા લઈને ત્યાં આવ્યો હતો અને બેદરકારીપૂર્વક ગાડી ચલાવી દુકાન સાથે અથડાવી હતી. આથી વેપારીએ તેને "ગાડી સરખી ચલાવ" તેમ કહી ઠપકો આપ્યો હતો. આ બાબત આરોપીને પસંદ ન આવતા તેણે ઉશ્કેરાઈને ગાળો બોલી ઢીકાપાટુનો મૂઢમાર માર્યો હતો. આ દરમિયાન પાછળથી અન્ય બે શખ્સો ધસી આવ્યા હતા અને ફરિયાદીને પકડી રાખ્યા હતા. મુખ્ય આરોપીએ પોતાની એક્ટિવામાંથી છરી કાઢી વેપારીને ત્રણ ઘા ઝીંકી દીધા હતા. ભરબજારમાં થયેલા આ હુમલા બાદ ત્રણેય શખ્સો જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાંથી નાસી છૂટ્યા હતા.

# અમરેલી મોટા આંકડિયા ગામે એકલવાયા જીવનથી કંટાળી યુવકનો આત્મઘાત

અમરેલી, તા. ૨૦

મોટા આંકડિયા ગામે એક હૃદયદ્રાવક ઘટના બની છે, જેમાં એકલવાયું જીવન જીવતા ૩૫ વર્ષીય યુવકે જિંદગીથી કંટાળી ઝેરી દવા પી લેતા તેનું મોત નીપજ્યું હતું.મૃતકના ભાઈ પંકજભાઈ દેવશીભાઈ માધડ (ઉ.વ. ૩૬) એ પોલીસમાં જાહેર કર્યા મુજબ, મધુભાઈ દેવશીભાઈ માધડ (ઉ.વ. ૩૫) અપરિણીત હોવાથી લાંબા સમયથી એકલતા અનુભવતા હતા. જીવનમાં કોઈ સાથી ન હોવાને કારણે તેઓ માનસિક રીતે વ્યથિત રહેતા હતા. આ નિરાશામાં તેમણે ગત રોજ જંતુનાશક દવા પી લીધી હતી. ઝેરની અસર થતાં તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા, પરંતુ ટૂંકી સારવાર બાદ તેમનું કરૂણ મોત નીપજ્યું હતું.આ ઘટના અંગે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.એચ. ટીલાવત વધુ તપાસ ચલાવી રહ્યા છે.

**તારે અહીં આવવું નહીં કહી ગાળો આપી**

# રાજુલાના માંડળ ગામે માવો આપવા બાબતે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું

**સુજલામ સુફલામ યોજનાનું કામ ચાલતું હતું**

રાજુલા, તા. ૨૦

રાજુલાના માંડળ ગામમાં નજીવી બાબતે થયેલી માથાકૂટમાં એક યુવક પર હુમલો કરી, માથાના ભાગે પથ્થર મારી ઈજા પહોંચાડવાની ઘટના સામે આવી છે. આ મામલે પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે લલિતભાઈ મોહનભાઈ વાળા (ઉ.વ. ૨૩)એ છગનભાઈ ઉકાભાઈ હડીયા, ઉકાભાઈ બોઘાભાઈ હડીયા અને બાબુભાઈ બોઘાભાઈ હડીયા સામે ફરિયાદ નોંધાવી હતી. ગત ૧૬ એપ્રિલના રોજ બપોરે તેઓ મચ્છુંદ્રી રોડ પર ચાલી રહેલા 'સુજલામ સુફલામ' યોજનાના કામના સ્થળે આંટો મારવા ગયા હતા. ત્યાં જેસીબી ડ્રાઈવરને માવો આપવા માટે તેઓ જેસીબીમાં બેઠા હતા, જે આરોપી છગનભાઈ હડીયાને ગમ્યું ન હતું.

આરોપીએ યુવકને તારે અહીં આવવું નહીં તેમ કહી ગાળો ભાંડી હતી. તે જ દિવસે રાત્રે સાડા દસ વાગ્યાની આસપાસ, જ્યારે તેઓ ગામના શાક માર્કેટ પાસે બેઠા હતા, ત્યારે આરોપીએ ત્યાં આવી બોલાચાલી કરી ઢીકાપાટુનો મુઢ માર માર્યો હતો.આ ઝઘડાનું સમાધાન કરવા માટે ૧૮ એપ્રિલની રાત્રે અન્ય બંને આરોપીઓ તેના ઘરે આવ્યા હતા. તે સમયે તેના મોટાબાપુ અને ગામના સરપંચ ગોવિંદભાઈ કાનાભાઈ વાળા પણ હાજર હતા. જોકે, શાંતિથી વાત પતાવવાને બદલે આરોપીઓએ ફરી તકરાર શરૂ કરી હતી. ઉશ્કેરાયેલા આરોપીઓએ પથ્થરનો છુટ્ટો ઘા મારતા યુવકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. રાજુલા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક એન. બી. ગોરડિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાંથી ૧૫ પ્યાસીઓ ઝડપાયા

અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લામાં પોલીસે વિવિધ સ્થળે દરોડા પાડીને ૧૫ પ્યાસીઓને ઝડપી પાડ્યા હતા. આ ઉપરાંત, ચાર મહિલાઓ સહિત ૧૧ શખ્સો પાસેથી પાસ-પરમિટ વગરનો દેશી દારૂનો જથ્થો મળી આવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**તંત્રી લેખ**

# સપ્લાય ચેઈનનું સત્ય

આજના વૈશ્વિક અર્થતંત્રમાં તેલ, ગેસ, કોબાલ્ટ અને ગેલિયમ જેવી મહત્વપૂર્ણ કાચી સામગ્રી વિશે ચર્ચા વધતી જાય છે. ઘણી વખત એવો દાવો કરવામાં આવે છે કે જો કોઈ એક દેશ આવા સંસાધનો પર નિયંત્રણ મેળવી લે, તો તે વિશ્વ અર્થતંત્રને ગંભીર ઝટકો આપી શકે. પરંતુ હકીકતમાં બજાર વ્યવસ્થા એટલી લવચીક અને અનુકૂળ છે કે તે લાંબા ગાળે કોઈ એક દેશની મોનોપોલીને સ્વીકારતી નથી. સપ્લાય ચેઈન સતત નવા વિકલ્પો શોધતી રહે છે, અને આ જ તેની સૌથી મોટી શક્તિ છે. ઘણા અહેવાલોમાં એવો ઉલ્લેખ કરવામાં આવે છે કે કોઈ દેશ કોઈ ખાસ સામગ્રીના વૈશ્વિક પુરવઠામાં મોટા પ્રમાણમાં હિસ્સો ધરાવે છે, જે આપણા માટે ખતરો બની શકે છે. આવા અહેવાલો શરૂઆતમાં ચોંકાવનારા આંકડાઓ રજૂ કરે છે અને પછી એવો નિષ્કર્ષ આપે છે કે વિશ્વ અર્થતંત્ર જોખમમાં છે. પરંતુ આવા વિશ્લેષણમાં એક મહત્વની ખામી રહે છે. તેમાં માત્ર જોખમ પર ભાર મુકવામાં આવે છે, જ્યારે વિકલ્પોની શક્તિ અને બજારની અનુકૂળતા પર પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી. વૈજ્ઞાનિક સંશોધનમાં "નકારાત્મક પરિણામ" નામનો એક મહત્વપૂર્ણ વિચાર છે. તેનો અર્થ એ છે કે જો કોઈ પ્રયાસ અપેક્ષિત પરિણામ ન આપે, તો તે પણ એટલો જ મહત્વપૂર્ણ હોય છે. છતાં, આવા પરિણામો ઘણીવાર પ્રકાશિત થતા નથી, કારણ કે તે નાટકીય લાગતા નથી. આ જ વિચાર વૈશ્વિક વેપાર અને સપ્લાય ચેઈન પર પણ લાગુ પડે છે. જ્યારે કોઈ દેશ કોઈ સંસાધનને હથિયાર તરીકે ઉપયોગ કરવાનો પ્રયાસ કરે છે અને તેમાં નિષ્ફળ જાય છે, ત્યારે તે ઘટનાઓ પર બહુ ઓછું ધ્યાન આપવામાં આવે છે. ગેલિયમનો તાજેતરનો કિસ્સો આ બાબતને સ્પષ્ટ રીતે દર્શાવે છે. ગેલિયમ સેમિકન્ડક્ટર અને ઓપ્ટો-ઈલેક્ટ્રોનિક ઉપકરણોમાં અત્યંત મહત્વપૂર્ણ છે, અને તેના ઉત્પાદનમાં ચીનનો મોટો હિસ્સો છે. ૨૦૨૩માં ચીને ગેલિયમ અને જર્મેનિયમની નિકાસ પર નિયંત્રણ લાદ્યા, જેને વૈશ્વિક સપ્લાય ચેઈન માટે મોટો ખતરો માનવામાં આવ્યો. શરૂઆતમાં ગેલિયમના ભાવમાં વધારો થયો અને ચિંતાનો માહોલ સર્જાયો. પરંતુ થોડા સમય બાદ સ્પષ્ટ થયું કે આ અસર તાત્કાલિક હતી. અમેરિકા અને અન્ય દેશોએ ઝડપથી વિકલ્પો શોધી કાઢ્યા. કેનેડા, જાપાન અને જર્મની જેવા દેશોએ ગેલિયમના ઉત્પાદન અને પુરવઠામાં વધારો કર્યો. સાથે સાથે રિસાયક્લિંગને પ્રોત્સાહન મળ્યું અને નવી ટેક્નોલોજી દ્વારા વિકલ્પ સામગ્રીનો ઉપયોગ શરૂ થયો. પરિણામે બજાર ફરી સંતુલિત થયું અને ચીનનો પ્રભાવ ઘટાડાયો. આ કિસ્સો સ્પષ્ટ કરે છે કે વૈશ્વિક અર્થતંત્ર એક જ દેશ પર આધારિત નથી. તે એક વિશાળ નેટવર્ક છે, જેમાં અનેક દેશો, કંપનીઓ અને સંસ્થાઓ જોડાયેલા છે. જ્યારે એક કડી નબળી પડે છે, ત્યારે બીજી કડીઓ તેને મજબૂત બનાવે છે. આ કારણે સપ્લાય ચેઈનને સંપૂર્ણ રીતે ખલેલ પહોંચાડવી અત્યંત મુશ્કેલ છે. ઈતિહાસ પણ આ બાબતને સમર્થન આપે છે. ૧૯૭૦ના દાયકામાં તેલના સંકટ દરમિયાન ઘણા દેશોએ વિકલ્પ ઊર્જા સ્ત્રોતો તરફ વળવાનું શરૂ કર્યું હતું. આજના સમયમાં પણ વિશ્વ નવી ઊર્જા તરફ આગળ વધી રહ્યું છે, જે ભવિષ્યમાં વધુ સ્થિરતા લાવી શકે છે. અંતમાં કહી શકાય કે વૈશ્વિક સપ્લાય ચેઈન કોઈ નાજુક માળખું નથી, પરંતુ એક મજબૂત અને ગતિશીલ વ્યવસ્થા છે. તે સતત બદલાય છે, નવીનતા અપનાવે છે અને પડકારોનો સામનો કરે છે. તેથી, ભય પેદા કરનારી ચર્ચાઓ કરતા તથ્ય આધારિત અને સંતુલિત વિચાર જરૂરી છે. બજારની શક્તિ, ટેક્નોલોજીનો વિકાસ અને આંતરરાષ્ટ્રીય સહકાર આ બધું મળીને વિશ્વ અર્થતંત્રને વધુ મજબૂત બનાવે છે.

# હ્યુમનોઇડ રોબોટ્સઃ તમામ જોખમી કામના માસ્ટરમાઈન્ડ બનશે



**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

હ્યુમનોઈડ રોબોટ્સ એ આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનું એક અદ્ભુત સંયોજન છે, જેમાં કૃત્રિમ બુધ્ધિમત્તા અને યાંત્રિક અભિયાંત્રિકીનો સંગમ જોવા મળે છે. આવા રોબોટ્સ માનવ શરીરના આકાર, ગતિ અને વર્તણૂકનું અનુસરણ કરવા માટે રચવામાં આવે છે. સામાન્ય રીતે, તેઓ બે હાથ, બે પગ, ધડ અને માથું ધરાવે છે, જેથી તેઓ માનવ માટે રચાયેલા પર્યાવરણમાં સરળતાથી કાર્ય કરી શકે. આ ડિઝાઈન પાછળનો મૂળભૂત હેતુ એ છે કે માનવોએ જે સાધનો, મકાનો અને વ્યવસ્થાઓ ઊભી કરી છે, તેમાં કોઈ મોટા ફેરફાર કર્યા વિના રોબોટ્સ કાર્યક્ષમ બની શકે. હ્યુમનોઈડ રોબોટિક્સનો વિકાસ ૨૦મી સદીના અંતિમ દાયકામાં શરૂ થયો હતો. જાપાનની હોન્ડા કંપનીએ ૧૯૮૦ના દાયકામાં 'એસિમો' નામનો રોબોટ રજૂ કર્યો, જે માનવ જેવા ચાલવા અને સરળ કામો કરવા સક્ષમ હતો. ત્યારબાદ, અમેરિકાની બોસ્ટન ડાયનેમિક્સે 'એટલાસ' જેવા આધુનિક રોબોટ્સ વિકસાવ્યા, જે વધુ ચપળ અને શક્તિશાળી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં આ ક્ષેત્રે અસાધારણ ગતિએ વિકાસ થયો છે. કૃત્રિમ બુધ્ધિમત્તા, અદ્યતન સેન્સર્સ, મટીરિયલ સાયન્સ અને મોટર નિયંત્રણ પ્રણાલીઓના સંયોજનથી રોબોટ્સ વધુ સ્થિર, સંતુલિત અને સ્વાયત્ત બન્યા છે. તેઓ હવે વસ્તુઓ ઉઠાવી શકે છે, અવરોધો પાર કરી શકે છે અને જટિલ કાર્યો પણ કરી શકે છે. ૧૯ એપ્રિલ, ૨૦૨૬ના રોજ બેઈજિંગના ઈ-ટાઉનમાં યોજાયેલી હાફ-મેરેથોનમાં એક હ્યુમનોઈડ રોબોટે ૨૧.૧ કિલોમીટરનું અંતર માત્ર ૫૦ મિનિટ અને ૨૬ સેકન્ડમાં પૂર્ણ કર્યું. આ સમય માનવ વિશ્વ રેકોર્ડ કરતાં નોંધપાત્ર રીતે ઓછો છે. આ સિદ્ધિ ટેકનોલોજીના ક્ષેત્રમાં એક માઈલસ્ટોન સમાન છે. સ્પર્ધામાં ભાગ લેનાર ચીની કંપની 'ઓનર'ના રોબોટ્સે પ્રથમ ત્રણ સ્થાન પ્રાપ્ત કર્યા, જે ચીનની ટેકનોલોજીકલ ક્ષમતાને સ્પષ્ટ દર્શાવે છે. આ સિદ્ધિ માત્ર ગતિનો દાખલો નથી, પરંતુ એ દર્શાવે છે કે મશીનો હવે શારીરિક સહનશક્તિ અને કાર્યક્ષમતામાં માનવીઓ સાથે સ્પર્ધા કરી શકે છે. ગયા વર્ષની તુલનામાં સમયનો નોંધપાત્ર ઘટાડો ટેકનોલોજીની ઝડપી પ્રગતિનું પ્રતિબિંબ છે. આ વિજેતા રોબોટ પાછળ અનેક આધુનિક ટેકનોલોજીઓ કાર્યરત છે. લાંબા પગ અને સશક્ત માળખું તેને ઝડપી ગતિ મેળવવામાં મદદ કરે છે. ઉપરાંત, લિક્વિડ-કૂલિંગ સિસ્ટમ રોબોટના મોટર્સ અને પ્રોસેસર્સને વધુ સમય સુધી ઠંડા રાખે છે, જેથી તે લાંબા અંતર સુધી કાર્ય કરી શકે. માનવ શરીરમાં ઠંડક માટે પરસેવો અને શ્વાસ પ્રણાલી છે, જ્યારે રોબોટ્સમાં આ માટે મશીન આધારિત સિસ્ટમોનો ઉપયોગ થાય છે. સ્વાયત્ત નેવિગેશન સિસ્ટમ પણ આ સફળતામાં મહત્વપૂર્ણ છે. ઘણા રોબોટ્સે પોતાના સેન્સર્સ અને એલ્ગોરિધમ્સના આધારે માર્ગ શોધ્યો અને અવરોધોને પાર કર્યા. આ દર્શાવે છે કે કૃત્રિમ બુધ્ધિમત્તા હવે માત્ર સિધ્ધાંતોમાં નહીં, પરંતુ વાસ્તવિક પરિસ્થિતિઓમાં પણ અસરકારક બની રહી છે. જોકે આ સિદ્ધિ પ્રભાવશાળી છે, તે સાથે કેટલીક મર્યાદાઓ પણ જોડાયેલી છે. કેટલાક રોબોટ્સ દોડ દરમિયાન પડી ગયા અથવા અવરોધો સાથે અથડાયા. આ બતાવે છે કે વાસ્તવિક વિશ્વની અનિશ્ચિત પરિસ્થિતિઓમાં કામ કરવાની ક્ષમતા હજુ સંપૂર્ણપણે વિકસિત નથી. ઊર્જા સંચાલન, સંતુલન અને તાત્કાલિક નિર્ણય લેવાની ક્ષમતા હજુ પણ સુધારાની જરૂર ધરાવે છે. તે ઉપરાંત, બધા રોબોટ્સ સંપૂર્ણપણે સ્વાયત્ત નહોતા. કેટલાકને દૂરસ્થ નિયંત્રણ દ્વારા સંચાલિત કરવામાં આવ્યા હતા. આ દર્શાવે છે કે ટેકનોલોજી હજુ વિકાસના તબક્કામાં છે અને સંપૂર્ણ સ્વતંત્રતા હાંસલ કરવા માટે સમય લાગશે. હ્યુમનોઈડ રોબોટિક્સના ક્ષેત્રમાં ચીન, અમેરિકા, જાપાન અને યુરોપ વચ્ચે સ્પર્ધા ચાલી રહી છે. ચીને આ ટેકનોલોજીને પોતાની પંચવર્ષીય યોજનાઓમાં પ્રાથમિકતા આપી છે. આ પગલાંનો હેતુ વૈશ્વિક ટેકનોલોજી ક્ષેત્રમાં આગવું સ્થાન મેળવવાનો છે. ચીની કંપનીઓ મોટા પાયે ઉત્પાદન અને વ્યાપારીકરણમાં આગળ વધી રહી છે. આથી સ્પષ્ટ થાય છે કે ચીન ફક્ત સંશોધનમાં જ નહીં, પરંતુ ટેકનોલોજીના પ્રયોગાત્મક ઉપયોગમાં પણ આગવું સ્થાન ધરાવે છે. આ સ્પર્ધા ભવિષ્યમાં વધુ નવીનતાઓને જન્મ આપશે. હ્યુમનોઈડ રોબોટ્સનો ઉપયોગ ભવિષ્યમાં અનેક ક્ષેત્રોમાં થઈ શકે છે. ઔદ્યોગિક ઉત્પાદન, આરોગ્ય સેવા, આપત્તિ વ્યવસ્થાપન અને અવકાશ સંશોધન જેવા ક્ષેત્રોમાં તેઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. ઉદાહરણ તરીકે, જોખમી પરિસ્થિતિઓમાં કામ કરવા માટે રોબોટ્સ માનવીઓ માટે વધુ સલામત વિકલ્પ બની શકે છે. સાથે સાથે, આ ટેકનોલોજી માનવ જીવનને સરળ બનાવવામાં મદદરૂપ બની શકે છે. દૈનિક કાર્યોમાં સહાયતા, વૃધ્ધોની સંભાળ અને સ્માર્ટ શહેરોમાં સેવાઓ પ્રદાન કરવા માટે હ્યુમનોઈડ્સ ઉપયોગી બની શકે છે. આ વિકાસ સાથે કેટલાક મહત્વપૂર્ણ પ્રશ્નો પણ ઊભા થાય છે. શું રોબોટ્સ માનવીઓની નોકરીઓને જોખમમાં મૂકી શકે? શું રમતગમતમાં મશીનો અને માનવીઓ વચ્ચે સ્પર્ધા યોગ્ય છે? આ પ્રશ્નોના જવાબો સરળ નથી અને સમાજને આ અંગે વિચારવું પડશે. ટેકનોલોજીનો ઉપયોગ માનવ કલ્યાણ માટે થવો જોઈએ કે માત્ર પ્રદર્શન માટે, તે નક્કી કરવું જરૂરી છે. જો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે, તો હ્યુમનોઈડ રોબોટ્સ માનવ જીવનમાં ગુણવત્તાત્મક સુધારો લાવી શકે છે. બેઈજિંગની હાફ-મેરેથોનમાં હ્યુમનોઈડ રોબોટની જીત એ ટેકનોલોજીના વિકાસમાં એક મહત્વપૂર્ણ પગલું છે. તે દર્શાવે છે કે મશીનો હવે ફક્ત સહાયક સાધન નથી, પરંતુ માનવીઓ સાથે સ્પર્ધા કરવાની ક્ષમતા ધરાવે છે. જોકે, આ વિકાસ સાથે જવાબદારી પણ જોડાયેલી છે. આવતા સમયમાં હ્યુમનોઈડ રોબોટ્સનો પ્રભાવ વધતો જશે, પરંતુ તે પ્રભાવ માનવજાતના હિતમાં રહે તે સુનિશ્ચિત કરવું આવશ્યક છે. ટેકનોલોજીનું સાચું મૂલ્ય તેની માનવ સેવા કરવાની ક્ષમતામાં છે.

**હ્યુમનોઇડ રોબોટઃ એક પરિચય. માનવ જેવો આકાર ધરાવતા રોબોટ હવે ઔદ્યોગિક ક્ષેત્રે જબરજસ્ત કામ કરી રહ્યા છે ખાસ કરીને ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રીઝમાં આવા યાંત્રિક માનવો કામ કરી રહ્યા છે હવે પછીના ગાળામાં આવા યંત્ર માનવો અનેક પ્રકારના એવા કામો કરશે જ્યાં જોખમો વધુ પ્રમાણમાં હોય દાખલા તરીકે બિલ્ડીંગ ડિમોલિશન કરવાથી માંડીને સમુદ્રી જહાજોને કટીંગ કરવાના જોખમી કામ પણ આવા યંત્ર માનવ કામ કરતા હશે આ બાબતમાં હાલ જે પ્રગતિ થઈ રહી છે તેની એક ઝલક પ્રસ્તુત છે**

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૫૫૦ | ૧૭૯૦ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૪૯૫ |
| ઘઉં ટુકડા | ૪૩૭ | ૬૦૫ |
| જુવાર સફેદ | ૭૧૧ | ૮૬૮ |
| જુવાર લાલ | ૮૨૦ | ૯૮૦ |
| જુવાર પીળી | ૪૩૦ | ૪૭૨ |
| બાજરી | ૩૦૦ | ૩૯૦ |
| મકાઇ | ૨૯૧ | ૪૫૪ |
| તુવેર | ૧૩૨૦ | ૧૫૨૦ |
| ચણા પીળા | ૯૧૧ | ૧૦૬૦ |
| ચણા સફેદ | ૧૧૧૧ | ૧૭૭૫ |
| અડદ | ૧૨૫૦ | ૧૫૫૧ |
| મગ | ૯૦૦ | ૧૬૭૦ |
| વાલ દેશી | ૭૫૦ | ૧૨૫૦ |
| ચોળી | ૧૧૦૦ | ૧૬૫૦ |
| વટાણા | ૬૫૦ | ૧૦૮૦ |
| રાજમા | ૬૫૦ | ૧૭૫૦ |
| સીંગદાણા | ૧૮૧૦ | ૧૮૮૪ |
| મગફળી જાડી | ૧૨૮૦ | ૧૫૧૦ |
| મગફળી જીણી | ૧૩૩૦ | ૧૬૧૫ |
| અળશી | ૧૨૦૬ | ૧૪૦૪ |
| તલી | ૧૮૦૦ | ૨૧૬૦ |
| એરંડા | ૧૧૮૦ | ૧૨૪૮ |
| અજમો | ૧૭૫૦ | ૨૪૦૦ |
| સુવા | ૧૩૦૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૮૪ |
| સીંગફાડા | ૧૨૫૦ | ૧૭૯૫ |
| કાળા તલ | ૩૦૬૦ | ૩૮૪૦ |
| લસણ | ૭૫૦ | ૧૫૫૦ |
| ધાણા | ૨૨૮૦ | ૨૪૮૦ |
| મરચા સુકા | ૨૦૦૦ | ૬૦૫૦ |
| ધાણી | ૨૩૦૦ | ૨૬૮૦ |
| વરીયાળી | ૧૪૦૦ | ૨૪૩૫ |
| જીરૂ | ૩૫૫૦ | ૪૧૦૦ |
| રાય | ૧૦૦૦ | ૧૫૨૦ |
| મેથી | ૧૧૩૦ | ૧૭૮૦ |
| ઇસબગુલ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| અશેરીયો | ૯૪૫ | ૧૧૩૫ |
| કલોંજી | ૨૭૦૦ | ૩૩૯૦ |
| રાયડો | ૮૮૦ | ૧૨૦૭ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૩૩૯ | ૬૨૨ |
| લીંબુ | ૧૮૦૭ | ૩૭૧૪ |
| સાકરટેટી | ૧૫૪ | ૩૦૧ |
| તરબુચ | ૧૦૪ | ૨૫૨ |
| પપૈયા | ૭૧ | ૧૫૨ |
| બટેટા | ૯૪ | ૨૫૯ |
| ડુંગળી સુકી | ૪૫ | ૨૫૩ |
| ટમેટા | ૨૦૭ | ૩૭૨ |
| સુરણ | ૮૧૪ | ૧૦૩૧ |
| કોથમરી | ૨૧૦ | ૩૬૬ |
| મુળા | ૪૨૧ | ૬૨૪ |
| રીંગણા | ૧૦૨ | ૨૦૧ |
| કોબીજ | ૬૫ | ૧૦૬ |
| ફ્લાવર | ૨૮૨ | ૪૦૪ |
| ભીંડો | ૨૨૯ | ૪૫૮ |
| ગુવાર | ૪૬૬ | ૬૮૮ |
| ચોળાસીંગ | ૫૦૨ | ૭૬૧ |
| ટીંડોળા | ૩૦૧ | ૬૧૧ |
| દુધી | ૭૮ | ૧૪૨ |
| કારેલા | ૩૪૬ | ૫૦૩ |
| સરગવો | ૨૭૧ | ૫૫૨ |
| તુરીયા | ૨૩૮ | ૫૧૧ |
| પરવર | ૬૩૯ | ૮૫૨ |
| કાકડી | ૧૮૭ | ૩૭૯ |
| ગાજર | ૨૨૮ | ૪૦૨ |
| વટાણા | ૧૨૫૧ | ૧૬૩૩ |
| ગલકા | ૨૦૧ | ૩૩૪ |
| બીટ | ૮૫ | ૧૮૪ |
| મેથી | ૩૦૨ | ૫૧૮ |
| ડુંગળી લીલી | ૧૮૨ | ૩૦૨ |
| આદુ | ૮૧૧ | ૧૦૧૮ |
| મરચા લીલા | ૩૮૨ | ૬૦૮ |
| મકાઇ લીલી | ૧૪૪ | ૨૮૬ |
| ગુંદા | ૨૫૬ | ૪૫૪ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૫૧ | ૧૮૦૬ |
| મગફળી જીણી | ૧૨૪૬ | ૧૬૩૧ |
| સિંગદાણા જાડા | ૧૬૭૧ | ૧૭૫૦ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૭૬૧ |
| એરંડા / એરંડી | ૧૧૧૧ | ૧૨૭૧ |
| તલ લાલ | ૧૯૦૧ | ૨૨૩૧ |
| ધાણા | ૧૭૦૧ | ૨૬૮૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૯૦૧ | ૯૪૦૧ |
| ડુંગળી લાલ | ૧૬ | ૨૫૬ |
| અડદ | ૭૨૬ | ૧૫૭૬ |
| તુવેર | ૬૦૦ | ૧૫૯૧ |
| રાયડો | ૧૧૩૧ | ૧૧૮૧ |
| રાય | ૧૧૫૧ | ૧૩૩૧ |
| મેથી | ૮૭૬ | ૧૫૧૧ |
| સુવાદાણા | ૧૩૦૧ | ૧૩૦૧ |
| કાંગ | ૪૮૧ | ૫૭૧ |
| મરચા | ૧૮૦૧ | ૭૨૦૧ |
| મગફળી જાડી | ૧૧૬૬ | ૧૬૬૬ |
| તલ - તલી | ૧૨૯૧ | ૨૧૦૧ |
| ધાણી | ૧૮૦૧ | ૨૯૩૧ |
| મરચા સૂકા ઘોલર | ૩૮૦૧ | ૮૯૦૧ |
| ડુંગળી સફેદ | ૧૧૮ | ૨૨૨ |
| બાજરો | ૩૪૧ | ૩૪૧ |
| જુવાર | ૪૪૧ | ૪૫૧ |
| મકાઇ | ૩૧૧ | ૪૦૧ |
| મગ | ૧૬૩૧ | ૧૭૬૧ |
| વાલ | ૫૭૬ | ૧૦૮૧ |
| વાલ પાપડી | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ચોળા / ચોળી | ૮૭૬ | ૧૫૯૧ |
| સોયાબીન | ૯૮૧ | ૧૦૬૬ |
| અરીઠા | ૯૨૧ | ૯૨૧ |
| ગોગળી | ૮૭૬ | ૧૩૬૧ |
| વટાણા | ૨૬૧ | ૯૩૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૦૦ | ૬૦૦ |
| કોબી | ૪૦ | ૧૬૦ |
| દુધી | ૪૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૬૦૦ |
| કાકડી | ૬૦ | ૪૦૦ |
| રીંગણા | ૬૦ | ૬૦૦ |
| ભીંડો | ૪૦ | ૪૦૦ |
| ગલકા | ૬૦ | ૩૦૦ |
| ગાજર | ૧૦૦ | ૩૦૦ |
| ટિંડોરા | ૧૦૦ | ૪૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૮૦૦ | ૩૪૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૩૦૦ | ૬૦૦ |
| બટેટા | ૧૦૦ | ૨૫૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૨ | ૧૦ |
| કોથમીર પુરા | ૫ | ૧૦ |
| મૂળા પુરા | ૫ | ૭ |
| ફોદીનો પુરા | ૩ | ૪ |
| આંબલી | ૫૦૦ | ૬૦૦ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| ક્રુક્રુક્રુહ | ૮ | ૧૨ |
| ક્રુદ્રિર્દુ | ૬૦૦ | ૮૦૦ |
| ગુંદા | ૨૦૦ | ૬૦૦ |
| ઘીસોડા | ૧૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૪૦૦૦ |
| મેથી પુરા | ૨ | ૫ |
| બીટ પુરા | ૧૦ | ૧૨ |
| સરગવો પુરા | ૧૦ | ૧૫ |
| ચોરા | ૨૦૦ | ૬૦૦ |
| કારેલા | ૧૦૦ | ૪૦૦ |
| વાલોર | ૧૬૦ | ૮૦૦ |
| મગફળી લીલી | ૫૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૩૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૩૦૦ |
| પાલક પુરા | ૨ | ૪ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મોટી | ૧૧૨૦ | ૧૫૪૦ |
| શિંગદાણા ફાડા | ૧૪૭૦ | ૧૯૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૫૦૦ |
| તલ કાળા | ૨૧૪૦ | ૩૫૧૦ |
| બાજરો | ૪૨૫ | ૫૩૫ |
| જુવાર | ૪૪૦ | ૯૧૦ |
| ઘઉં બંસી | ૩૭૦ | ૩૭૦ |
| ઘઉં ટુકડા | ૩૮૦ | ૬૫૦ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૧૦ |
| ચણા | ૯૬૦ | ૧૦૭૫ |
| ચણા દેશી | ૯૮૫ | ૧૦૪૦ |
| સફેદ ચણા | ૧૦૨૫ | ૧૧૭૫ |
| છોલે ચણા | ૧૧૦૦ | ૧૪૭૫ |
| તુવેર | ૮૦૦ | ૧૪૫૦ |
| કપાસ | ૯૫૦ | ૧૮૪૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૪૦ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૧૦૦ |
| રાય | ૧૧૬૦ | ૧૩૯૦ |
| ધાણા | ૨૨૬૦ | ૨૪૬૦ |
| ધાણી | ૨૦૦૦ | ૨૬૮૦ |
| અજમા | ૧૯૦૦ | ૨૩૫૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૧૫ |
| સોયાબીન | ૮૬૦ | ૧૦૫૦ |
| મરચા લાંબા | ૧૩૯૦ | ૬૬૫૦ |
| મરચા ઘોલર | ૧૭૦૦ | ૭૫૦૦ |
| કાંગ | ૨૦૦ | ૫૭૦ |
| સુવાદાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૧૫૦ | ૨૦૦ |
| રીંગણા | ૩૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૨૨૦ | ૪૧૦ |
| કોબીજ | ૨૨૦ | ૨૬૦ |
| શકકરીયા | ૩૫૦ | ૪૫૦ |
| ટમેટાં | ૪૪૦ | ૫૨૦ |
| સુરણ | ૮૦૦ | ૯૩૦ |
| ગાજર | ૩૫૦ | ૪૫૦ |
| દુધી | ૯૦ | ૧૪૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૧૬૦ | ૨૧૦ |
| ગુંદા | ૪૨૦ | ૬૧૦ |
| કાકડી | ૨૪૦ | ૩૬૦ |
| ગુવાર | ૪૫૦ | ૬૫૦ |
| કાચી કેરી | ૬૩૦ | ૯૦૦ |
| વટાણા | ૧૯૦૦ | ૨૦૫૦ |
| ચોળા લીલા | ૪૩૦ | ૬૪૦ |
| તુરીયા | ૩૦૦ | ૪૦૦ |
| ગરમર | ૭૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૫૨૦ |
| આદુ | ૧૧૫૦ | ૧૨૫૦ |
| કોથમીર | ૪૫૦ | ૫૦૦ |
| મેથીભાજી | ૫૫૦ | ૬૫૦ |
| ફોદીનો | ૪૦૦ | ૫૫૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૨૦ |
| બીટ | ૧૯૦ | ૨૯૦ |
| સરગવો | ૩૨૦ | ૪૧૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૫૩૦ | ૧૧૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૨૦ |
| લસણ લીલું | ૧૮૫૦ | ૨૦૫૦ |
| લસણ સુકું | ૧૦૦૦ | ૨૦૦૦ |
| પાલક | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૨૫૩૦ | ૩૦૫૦ |
| મકાઈ | ૨૨૦ | ૨૯૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૪૧૦ | ૧૫૨૫ |
| શીંગ મોટી | ૧૪૩૦ | ૧૫૮૨ |
| શીંગ નવી | --- | ૧૩૨૫ |
| તલ સફેદ | ૧૬૫૦ | ૨૦૦૦ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૮૦૦ |
| જીરૂ | ૩૬૫૦ | ૪૩૦૦ |
| કપાસ | ૧૪૫૦ | ૧૮૦૦ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૪૦ |
| બાજરો | ૪૪૦ | ૫૩૦ |
| જુવાર | ૬૦૦ | ૮૬૦ |
| મગ | ૧૩૦૦ | ૧૬૦૧ |
| અડદ | ૮૦૦ | ૧૪૦૦ |
| ચણા | ૧૦૨૦ | ૧૦૬૦ |
| દેશી ચણા | ૧૦૩૦ | ૧૦૭૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૫૦ |
| એરંડી | ૧૧૦૫ | ૧૨૩૨ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| રાય/રાયડો | ૧૧૨૫ | ૧૬૦૦ |
| ધાણા | ૨૦૫૦ | ૨૯૦૭ |
| સોયાબીન | ૮૦૦ | ૯૦૩ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૦૦ | ૧૫૭૫ |
| મગફળી | ૧૧૨૫ | ૧૩૪૬ |
| ઘઉં | ૩૭૬ | ૪૪૪ |
| ચણા | ૯૨૫ | ૧૦૪૫ |
| ધાણા | ૧૫૦૦ | ૨૪૧૧ |
| તુવેર | ૧૦૦૫ | ૧૪૫૨ |
| એરંડા | ૧૧૬૦ | ૧૨૧૦ |
| બાજરો | ૪૨૫ | ૪૨૫ |
| મેથી | ૭૨૫ | ૧૦૭૫ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૭૪૫ |
| ઘઉં લોકવન | ૩૦૦ | ૪૩૪ |
| ઘઉં ટુકડા | ૪૧૮ | ૪૪૧ |
| ચણા | ૮૪૦ | ૧૦૪૪ |
| ધાણા | ૧૨૯૦ | ૨૫૫૫ |
| મગ | ૧૫૦૫ | ૧૫૦૫ |
| તુવેર | ૧૦૩૫ | ૧૩૪૨ |
| તલ સફેદ | ૧૮૩૦ | ૨૦૦૦ |
| મગફળી | ૧૨૪૫ | ૧૪૨૦ |
| મેથી | ૧૧૦૫ | ૧૧૦૫ |
| સોયાબીન | ૭૦૦ | ૧૦૭૧ |
| એરંડી | ૧૧૫૫ | ૧૧૫૫ |
| લશણ | ૨૪૦ | ૭૫૫ |
| શીંગદાણા | ૧૫૫૦ | ૧૭૦૦ |
| ચણા સફેદ | ૧૦૫૦ | ૧૦૫૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૬૧૫ | ૧૮૧૦ |
| કપાસ મીડીયમ | ૧૪૯૦ | ૧૬૦૦ |
| મગફળી | ૧૨૪૦ | ૧૪૫૦ |
| જીરૂ | ૩૨૩૫ | ૪૦૨૫ |
| ચણા | ૧૦૩૨ | ૧૦૫૮ |
| ઘઉં | ૪૬૫ | ૫૨૫ |
| ધાણા | ૧૪૬૦ | ૨૪૩૦ |
| તુવેર | ૧૨૧૫ | ૧૪૨૫ |
| કાળા તલ | ૨૬૩૦ | ૩૧૪૦ |
| એરંડા | ૯૯૦ | ૧૧૯૦ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૭૭૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૦૧ |
| ચણા | ૮૦૧ | ૧૦૫૬ |
| અડદ | ૭૦૧ | ૧૩૯૧ |
| તુવેર | ૮૦૧ | ૧૫૦૧ |
| મગફળી | ૭૫૧ | ૧૩૦૬ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૬૧૧ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૧૮૦૧ |
| મેથી | ૭૦૧ | ૧૧૪૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૪૮૬ |
| સોયાબીન | ૭૦૧ | ૧૦૫૧ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૦૫૦ | ૧૪૪૦ |
| બાજરો | ૩૧૧ | ૫૩૪ |
| ઘઉં | ૪૧૧ | ૪૮૯ |
| રાય | ૧૨૦૦ | ૧૩૬૬ |
| રાયડો | ૧૦૫૦ | ૧૨૦૦ |
| મેથી | ૯૦૦ | ૧૨૬૨ |
| તુવેર | ૯૦૦ | ૧૪૧૦ |
| જુવાર | ૬૫૦ | ૮૫૮ |
| અડદ | ૯૦૦ | ૧૫૯૨ |
| મગ | ૧૦૦૦ | ૧૯૦૨ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૪૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૫૮ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૨૬૫ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૦૮ |
| ધાણા | ૧૮૦૦ | ૨૩૩૨ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૫૨૧ | ૧૭૪૫ |
| મગફળી | ૧૨૯૫ | ૧૩૦૦ |
| ચણા | ૯૬૧ | ૧૦૩૮ |
| સોયાબીન | ૯૯૬ | ૯૯૬ |
| જુવાર સફેદ | ૬૦૧ | ૬૦૧ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| તુવેર | ૧૦૮૬ | ૧૪૦૦ |
| ધાણા | ૧૭૦૦ | ૨૨૨૫ |
| ઘઉં | ૪૦૧ | ૪૦૧ |
| બાજરો | ૫૨૬ | ૫૨૬ |
| એરંડા | ૧૧૦૩ | ૧૨૦૦ |
| મેથી | ૧૦૩૧ | ૧૦૬૧ |


**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૬૦૦ | ૮૬૦ |
| બાજરો | ૪૦૦ | ૪૭૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૦૧ |
| મગ | ૧૮૦૦ | ૨૦૦૧ |
| અડદ | ૮૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૫૫ |
| ચોળી | ૬૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૧૨૦૦ | ૧૨૨૫ |
| મેથી | ૮૦૦ | ૧૩૭૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૬૬૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૪૭૦ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૩૭૦ |
| એરંડા | ૮૦૦ | ૧૨૨૭ |
| રાયડો | ૧૦૦૦ | ૧૨૦૫ |
| રાઈ | ૧૦૦૦ | ૧૪૮૫ |
| લસણ | ૮૦૦ | ૧૪૪૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૭૨૦ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૦૭૫ |
| અજમો | ૧૫૦૦ | ૩૯૦૦ |
| અજમાની ભૂસી | ૪૦ | ૨૧૩૦ |
| ધાણા | ૧૯૦૦ | ૨૬૦૦ |
| મરચા | ૧૮૦૦ | ૫૩૦૦ |
| ડુંગળી | ૫૦ | ૧૫૫ |
| સોયાબીન | ૧૦૫૦ | ૧૦૯૦ |
| વટાણા | ૬૬૦ | ૧૦૨૫ |
| કલોંજી | ૧૫૦૦ | ૩૩૫૦ |
| રાજમા | ૧૦૦૦ | ૧૩૬૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૧૧૦૦ | ૧૨૩૧ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૧૦૧ |
| તલ કાળા | ૧૮૦૦ | ૩૪૨૧ |
| કપાસ | ૧૨૦૦ | ૧૭૧૭ |
| બાજરો | ૩૦૦ | ૫૨૬ |
| ઘઉં ટુકડા | ૩૭૦ | ૫૩૫ |
| જુવાર | ૩૦૦ | ૯૪૦ |
| મગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ચણા | ૫૫૧ | ૧૦૩૧ |
| એરંડી | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ધાણા | ૧૬૦૦ | ૧૯૯૧ |
| મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| રાય | ૧૧૫૦ | ૧૧૫૦ |

## શબ્દ સંજોગ-૨૧૮૩



**આડી ચાવી :**
(૧) કેરળનો એક નૃત્ય પ્રકાર (૩)
(૩) કાપડની પહોળાઈ (૨)
(૪) બાળક, વાછરડું (૨)
(૫) શરીરનો મોહકચાળો(૩)
(૬) શોધવું તે (૨)
(૭) ગણિતનો હિસાબ મંડાવે છે તે લખાણ (૩)
(૯) રાત્રીનું ભોજન (૩)
(૧૩) જ્યાં ભેદ હોય ત્યાંજ... દેખાય (૨)
(૧૪) અત્રિ ઋષિની પત્ની (૪)
(૧૬) લજ્જા, શરમ (૨)
(૧૯) કામ વગરનો (૩)
(૨૧) ઘોડો (૩)
(૨૩) સમુદ્ર વલોવતા નીકળેલી ચૌદ વસ્તુઓમાંની દરેક(૨)
(૨૪) ભૂલ, ચૂક (અ) (૨)
(૨૫) સૌથી મોટું (૩)
(૨૭) ઊંડાપણું, ગહનતા (૩)
(૨૮) ખબર, બાતમી (૩)

**ઉભી ચાવી :**
(૧) તણખલું, રજ (૩)
(૨) લખવાનું સાધન (૩)
(૩) મહિલા વર્ગની ભાવતી વાનગી (૩)
(૪) કાપીને મારવું તે (૨)
(૬) કોલાહલ, ઘોંઘાટ (૨)
(૮) પાપ, દુઃખ (૩)
(૧૦) તારાનું ઝુમખું (૩)
(૧૧) લાભ, ફાયદો (૪)
(૧૨) મમતાનો કોઈપણ વિષય (૨)
(૧૪) કારીગરનો રજાનો દિવસ (૩)
(૧૫) એક પશુ (૩)
(૧૭) પીવું તે (૨)
(૧૮) સ્વર્ગ, જન્નત (૪)
(૨૦) વણતર, કુમાશ (૩)
(૨૨) કચ્છનું એક ગામ (૩)
(૨૫) ઉપકાર, આભાર (૨)
(૨૬) શૂર, પરાક્રમી (૨)

## શબ્દ સંજોગ-૨૧૮૨ જવાબ

**આડી ચાવી** : (૧) અયોધ્યા (૩) દાઅમવાદ (અમદાવાદ) (૭) નભ (૯) નંગ (૧૦) બાપુ (૧૧) વરાંગ (૧૩) ભાણ (૧૫) શાલ (૧૬) સારસ (૧૭) શાખા (૧૯) આહુ (૨૦) બાન (૨૧) શૈલ (૨૨) મગજ (૨૩) બાલી (૨૪) ગમાર (૨૫) ગાજ (૨૭) વોરંટ (૨૮) ઠગાઈ. **ઉભી ચાવી** : (૧) અખબાર (૨) ધ્વાન (૪) અનંગ (૫) મગ (૬) દક્ષિણ (૮) ભવ (૧૨) રાંગ (૧૩) ભાલ (૧૪) કેર (૧૫) શાખા (૧૬) સાદુ (૧૭) શાન (૧૮) ઢોલ (૧૯) આલિંગન (૨૦) બાજ (૨૧) શૈલી (૨૨) મરવો (૨૩) બાજઠ (૨૬) નઈ

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ભાવનગરમાં ફાયર સેફ્ટીના NOC માટે બે લાખની લાંચ લેતા ડેપ્યુટી ફાયર ઓફિસર ઝડપાયા

ભાવનગર, તા.૨૦



ભાવનગર ફાયર બ્રિગેડમાં ભ્રષ્ટાચારનો મોટો મામલો સામે આવ્યો છે, જેમાં આણંદ એસીબીની ટીમે સફળ ટ્રેપ ગોઠવીને ડેપ્યુટી ફાયર ઓફિસર અને એક વચેટિયાને રૂપિયા ૨ લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યા છે. આ કાર્યવાહીને પગલે સરકારી કચેરીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.એક કોન્ટ્રાક્ટરે સરકારી શાળાઓમાં ફાયર સેફ્ટીના સાધનો ફિટ કર્યા બાદ તેનું એનઓસી (NOC) મેળવવા માટે ઓનલાઈન અરજી કરી હતી. આ એનઓસી આપવાના બદલામાં ડેપ્યુટી ફાયર ઓફિસર દ્વારા રૂપિયા ૫ લાખની મસમોટી લાંચની માંગણી કરવામાં આવી હતી. લાંચની રકમ આપવા ન માંગતા કોન્ટ્રાક્ટરે આ અંગે આણંદ એસીબીનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે એસીબીની ટીમે છટકું ગોઠવ્યું હતું. આ દરમિયાન ડેપ્યુટી ફાયર ઓફિસર અને તેમના વચેટિયા પ્રથમ હપ્તા તરીકે ૨ લાખની રકમ સ્વીકારતા એસીબીના હાથે ઝડપાઈ ગયા હતા. હાલમાં એસીબીએ બંનેની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢમાં ૨૩ એપ્રિલની રેલીમાં સુરક્ષા વધારવા જૈન સમાજની આઈજીને રજૂઆત

જૂનાગઢ, તા.૨૦



ઐતિહાસિક અને પવિત્ર તીર્થધામ ગિરનાર ક્ષેત્રમાં ચાલી રહેલા વિવાદે જૂનાગઢમાં નવું સ્વરૂપ ધારણ કર્યું છે. આગામી ૨૩ એપ્રિલના રોજ યોજાનારી મહારેલી પૂર્વે જૈન સમાજમાં ભય અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. આજે જૂનાગઢના વિવિધ જૈન સંઘોના પ્રતિનિધિઓએ રેન્જ આઈજી અને પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટને મળીને સુરક્ષાની માંગણી કરતું આવેદનપત્ર પાઠવ્યું હતું. જૈન સમાજનો આક્ષેપ છે કે શાંતિપ્રિય લઘુમતી સમુદાયને જાણીજોઈને સોફ્ટ ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યો છે. આવેદનપત્રમાં જણાવાયું છે કે રેલીનું નેતૃત્વ કરનારા કેટલાક તત્વો સામાજિક સૌહાર્દ બગાડી રહ્યા છે અને તીર્થંકરો પર અભદ્ર ટિપ્પણીઓ થવાથી સમાજની ધાર્મિક લાગણી દુભાઈ છે. જૈન સમાજે ૨૩ એપ્રિલની રેલી અટકાવવા અથવા તો જૈન વસાહતો અને મંદિરો પર પોલીસ પેટ્રોલિંગ વધારી ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવા માંગ કરી છે. તંત્રને સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે જો આવા તત્વો સામે કડક કાર્યવાહી નહીં થાય, તો ભવિષ્યમાં ધાર્મિક સ્થાનોની પવિત્રતા જોખમાઈ શકે છે.


# કોડીનારમાં ગેરકાયદે ધમધમતું દેશી દારૂનું કારખાનું ઝડપાયું

કોડીનાર, તા.૨૦

ઈમ્તિયાઝભાઈ

ગીર સોમનાથ એલ.સી.બી. (LCB) પોલીસની ટીમે કોડીનારની દક્ષિણામૂર્તિ સોસાયટીમાં વહેલી સવારે દરોડો પાડીને દેશી દારૂ બનાવવાનું આખું કારખાનું ઝડપી પાડ્યું છે. પી.આઈ. એસ.પી. રાજપૂત અને પી.એસ.આઈ. એચ.એલ. જેબલિયાના માર્ગદર્શન હેઠળ પોલીસે આ સફળ ઓપરેશન પાર પાડ્યું હતું. પોલીસ કોન્સ્ટેબલ હરેન્દ્રસિંહ ગોહિલ, ઉદયસિંહ સોલંકી અને સોઠાને મળેલી સંયુક્ત બાતમીના આધારે રેડ કરવામાં આવી હતી. આ કાર્યવાહીમાં ૬૬૫ લિટર દેશી દારૂ બનાવવાનો આથો તથા અન્ય સાધન સામગ્રી મળી કુલ રૂ. ૨૯,૪૨૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે આ સ્થળેથી પાંચ આરોપીઓની ધરપકડ કરી છે, ઝડપાયેલા તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી પોલીસ દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# JEE મેઈન-૨૦૨૬માં મોદી સ્કૂલનો દબદબો: ઓલ ઈન્ડિયા રેન્ક ટોપ-૫૦૦માં ૪ વિદ્યાર્થીઓ





રાજકોટ, તા.૨૦

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા જાહેર કરાયેલા JEE મેઈન-૨૦૨૬ના પરિણામોમાં રાજકોટની પ્રસિધ્ધ મોદી સ્કૂલે રાષ્ટ્રીય સ્તરે ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. આ વર્ષે દેશભરના આશરે ૧૬.૭૧ લાખથી વધુ વિદ્યાર્થીઓમાંથી મોદી સ્કૂલના ૪ વિદ્યાર્થીઓએ ઓલ ઈન્ડિયા રેન્ક (AIR) ટોપ-૫૦૦માં સ્થાન મેળવીને સૌરાષ્ટ્રનું ગૌરવ વધાર્યું છે. શાળાના વિદ્યાર્થી જાડેજા મોક્ષરાજસિંહ ૯૯.૯૯ PR સાથે AIR-૧૫૨, મોદી જાગૃત ૯૯.૯૯ PR સાથે AIR-૨૦૬, સરધારા જય ૯૯.૯૯ PR સાથે AIR-૨૧૦ અને રૈયાણી ભવ્ય ૯૯.૯૮ PR સાથે AIR-૩૮૭ ક્રમ હાંસલ કર્યો છે. આ ઉપરાંત ટોપ-૧૦૦૦માં કુલ ૬ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવીને સ્કૂલની શ્રેષ્ઠતા સાબિત કરી છે. શાળાના સંસ્થાપક ડો. આર. પી. મોદીએ જણાવ્યું કે, છેલ્લા ૩૮ વર્ષથી સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓના શૈક્ષણિક કલ્ચરને સમજીને અમે કામ કરીએ છીએ. આ પરિણામ માટે વિદ્યાર્થીઓને મળેલું સચોટ માર્ગદર્શન, નિયમિત ચેપ્ટર ટેસ્ટ, ફૂલ સિલેબસ ટેસ્ટ (FST) અને એક્સપર્ટ ફેકલ્ટી ટીમ દ્વારા તૈયાર કરાયેલ મોડ્યુલ્સ મુખ્ય ભૂમિકા ભજવે છે. હાલમાં શાળામાં ૧૨ IITians અને ૬ NITians સહિત ૯૪ થી વધુ નિષ્ણાંત શિક્ષકોની ટીમ કાર્યરત છે. મોદી સ્કૂલિંગ સિસ્ટમે સાબિત કર્યું છે કે ડમી સ્કૂલ કે બાહ્ય કોચિંગ કલ્ચરના બદલે યોગ્ય સ્કૂલ મોડલ દ્વારા પણ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ટોચનું પરિણામ લાવી શકાય છે. બોર્ડિંગ સ્કૂલનું શાંત વાતાવરણ અને સોશિયલ મીડિયાના દૂષણોથી દૂર રહીને થતું શિક્ષણ વિદ્યાર્થીઓની કારકિર્દી માટે મજબૂત પાયો પૂરો પાડે છે. શાળાના સંચાલકોએ તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને તેમની આ અદ્ભુત સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા છે.

# માનવતાની મહેક: ગુપ્તપ્રયાગ આશ્રમ દ્વારા 'હરિઓમ અન્ન સેવા'નો પ્રારંભ

ઉના, તા.૨૦



સેવા અને સમર્પણના પર્યાય સમાન ઉનાના ઐતિહાસિક ગુપ્તપ્રયાગ આશ્રમ દ્વારા વધુ એક માનવતાવાદી પહેલ કરવામાં આવી છે. ઓલ ઈન્ડિયા સાધુ સમાજના પ્રમુખ પરમ પૂજ્ય મુક્તાનંદબાપુની પ્રેરણાથી આ વિસ્તારના અશક્ત અને નિરાધાર લોકો માટે નિઃશુલ્ક ટિફિન સેવાનો મંગલ પ્રારંભ કરવામાં આવ્યો છે. 'હરિઓમ અન્ન સેવા' નામ હેઠળ શરૂ થયેલી આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજના એવા વર્ગને સહાય કરવાનો છે જેઓ શારીરિક કે આર્થિક રીતે લાચાર છે.

આ સેવા અંતર્ગત ઉના શહેર સહિત દીવ, દેલવાડા અને ધોકલા (ધોધલા) જેવા વિસ્તારોમાં વૃધ્ધો, દિવ્યાંગો અને નિરાધાર લોકોને દરરોજ સવાર-સાંજ શુધ્ધ અને પૌષ્ટિક ભોજન તેમના ઘર સુધી પહોંચાડવામાં આવશે. પૂજ્ય બાપુના 'કોઈ ભૂખ્યું ન સૂવે' તેવા ઉમદા સંકલ્પને આ સેવા દ્વારા સાકાર કરવામાં આવી રહ્યો છે. આ નિઃશુલ્ક અન્ન સેવા માત્ર ઉના-દીવ પૂરતી મર્યાદિત નથી, પણ જૂનાગઢ, બિલખા, ચાપરડા અને મુનિપળીમાં ભોજન વ્યવસ્થા કાર્યરત છે.

# ઉનામાં ઘરફોડ ચોરીનો આરોપી ૨૩ વર્ષ બાદ કેશોદથી ઝડપાયો

ઉના, તા.૨૦



ગીર સોમનાથ જિલ્લાના ઉના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૨૩ વર્ષ પૂર્વે થયેલી ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલો અને લાંબા સમયથી નાસતો-ફરતો આરોપી આખરે પોલીસના સકંજામાં આવ્યો છે. જૂનાગઢ રેન્જ આઈ.જી.ની સૂચનાથી કાર્યરત પેરોલ ફર્લો સ્ક્વોડે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોના નેટવર્કની મદદથી આ સફળ ઓપરેશન પાર પાડ્યું છે. વર્ષ ૨૦૦૩માં ઉના પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરી અંગેનો ગુનો (ગુના ક્રમાંક ૨૬૧/૨૦૦૩) નોંધાયો હતો. આ ગુનામાં મુખ્ય આરોપી તરીકે રામજીભાઈ ઉર્ફે રામ ટાભા ગોહિલ (રહે. કોબ, તા. ઉના) નું નામ ખુલ્યું હતું. જોકે, પોલીસ ધરપકડથી બચવા માટે આરોપી રામજી ગોહિલ ઘટના બાદ તુરંત જ ફરાર થઈ ગયો હતો. બે દાયકાથી વધુ સમય વીતી ગયો હોવા છતાં પોલીસ તેની શોધખોળ કરી રહી હતી. આરોપી રામજી છેલ્લા ૨૩ વર્ષથી પોતાની સાચી ઓળખ છુપાવીને અલગ-અલગ વિસ્તારોમાં વસવાટ કરતો હતો. પરંતુ, પોલીસની સતર્કતાને કારણે તેના વર્તમાન લોકેશન અંગે ચોક્કસ માહિતી મળી હતી. જૂનાગઢ રેન્જ પોલીસની ટીમે બાતમીના આધારે કેશોદ વિસ્તારમાં વોચ ગોઠવી હતી અને આખરે આરોપીને દબોચી લીધો હતો.

# ધોરાજીમાં બ્રહ્મ સમાજ દ્વારા પરશુરામ જયંતીની હર્ષોલ્લાસભેર ઉજવણી

ધોરાજી,તા.૨૦



તસવીર : નયન કુહાડીયા

અક્ષય તૃતીયા અને ભૂદેવોના આરાધ્ય દેવ ભગવાન પરશુરામની જન્મજયંતી નિમિત્તે ધોરાજી સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા ભક્તિસભર ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે સંદીપભાઈ શુક્લની નિશ્રામાં વેદોક્ત મંત્રોચ્ચાર સાથે પૂજન વિધિ સંપન્ન થઈ હતી. વિશેષ પરંપરા મુજબ, વંદિતભાઈ શુક્લના સહયોગથી ધોરાજીમાં વસતા તમામ ૫૦૦ બ્રહ્મ પરિવારો માટે શુદ્ધ ઘીના લાડુનો પ્રસાદ તૈયાર કરવામાં આવ્યો હતોઉપરાંત, બ્રહ્મ સમાજની વાડી ખાતે ભગવાન પરશુરામજીની સમૂહ આરતી અને પૂજનના કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો જોડાઈ ધન્યતા અનુભવી હતી.

# જૂનાગઢ જિલ્લામાં મતદાન જાગૃતિ અંતર્ગત તમામ તાલુકાઓમાં રેલીઓ

જૂનાગઢ, તા. ૨૦



આગામી ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય તેવા ઉમદા હેતુથી જૂનાગઢ જિલ્લા ચૂંટણી તંત્ર અને 'સ્વીપ' (SVEEP) નોડલ અધિકારીના માર્ગદર્શન હેઠળ વ્યાપક જનજાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા. જિલ્લાના તમામ તાલુકાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા ભવ્ય મતદાન જાગૃતિ રેલીઓ કાઢવામાં આવી હતી. આ અભિયાન હેઠળ યુવા મતદારો, મહિલાઓ અને વડીલોને કોઈ પણ પ્રલોભન વગર નૈતિક રીતે અને મુક્ત મને પવિત્ર મતાધિકારનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સઘન પ્રયાસોથી નાગરિકોમાં મતદાન પ્રત્યે નવીન ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# ધોરાજીમાં સનાતન ધામ અને નાનકશાની જગ્યા ખાતે ભવ્ય પાટ ઉત્સવ યોજાયો

ધોરાજી, તા. ૨૦



ધોરાજીના સનાતન ધામ ઉદાસી આશ્રમ અને નાનકશાની જગ્યા દ્વારા આયોજિત 'નૂતન સવરા મંડપ અખંડ પાટ જ્યોત દર્શન મહોત્સવ' ભવ્ય રીતે સંપન્ન થયો હતો. આ પ્રસંગે રામદેવજી મહારાજના પાટ પૂજન અને અખંડ જ્યોત દર્શન માટે મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા. પૂજ્ય સંત ભીખૂબાપુ નાનક, મહંત હર્ષદ બાપુ, મયૂર બાપુ અને માનવ બાપુની નિશ્રામાં યોજાયેલા આ કાર્યક્રમમાં ભજન, ભોજન અને ભક્તિનો ત્રિવેણી સંગમ સર્જાયો હતો. ભાવિકોએ જ્યોત દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. રાત્રિના સમયે ભવ્ય સંતવાણી અને લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ધોરાજી-ઉપલેટા હાઈવે પર મંજૂરી વગર ખેતરોમાં પાઈપલાઈનનું ખોદકામ કરતા ખેડૂતોનો હોબાળો

ધોરાજી, તા. ૨૦



ધોરાજીથી ઉપલેટા નેશનલ હાઈવે અને ભુખી ચોકડી નજીક પાણી પુરવઠાની લાઈન નાખવાની કામગીરી વિવાદમાં સપડાઈ છે. સ્થાનિક ખેડૂતોનો આક્ષેપ છે કે સંબંધિત કોન્ટ્રાક્ટર દ્વારા કોઈપણ પૂર્વ નોટિસ કે મંજૂરી લીધા વિના જેસીબી મશીનો વડે ખેતરોમાં ખોદકામ શરૂ કરી દેવામાં આવ્યું હતું. આ જોહુકમી સામે રોષે ભરાયેલા ખેડૂતોએ તાત્કાલિક સ્થળ પર પહોંચી કામગીરી અટકાવી દીધી હતી.

ખેડૂતોએ આ બાબતે ઉચ્ચ કક્ષાએ લેખિતમાં વિરોધ નોંધાવતા જણાવ્યું છે કે, મંજૂરી વગર કરવામાં આવેલા ખોદકામથી ખેતીના પાક અને જમીનને ભારે નુકસાન થયું છે.

રોષે ભરાયેલા ખેડૂતોએ માંગ કરી છે કે બેદરકાર એજન્સી સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને થયેલા નુકસાનનું યોગ્ય વળતર ચૂકવવામાં આવે. જ્યાં સુધી વળતર અને સત્તાવાર મંજૂરીની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી કામગીરી આગળ વધવા ન દેવાની ચીમકી પણ ખેડૂતોએ ઉચ્ચારી છે. આ ઘટનાને પગલે વહીવટી તંત્રમાં દોડધામ મચી ગઈ છે.

# કોડીનારમાં શોભાયાત્રા અને મહાપ્રસાદ સાથે પરશુરામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી

કોડીનાર,તા. ૨૦



કોડીનાર ખાતે સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા આરાધ્યદેવ ભગવાન શ્રી પરશુરામજીના જન્મોત્સવની કોમી એકતાના માહોલ વચ્ચે હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે બ્રહ્મપુરી ખાતે સવારે પૂજન-અર્ચન, મહા આરતી અને અન્નકૂટના દર્શનનું સુંદર આયોજન કરાયું હતું. બપોરે નીકળેલી ભવ્ય શોભાયાત્રામાં 'જય પરશુરામ'ના નાદ સાથે મોટી સંખ્યામાં ભૂદેવો જોડાયા હતા. ડી.જે.ના તાલે નીકળેલી આ યાત્રા શહેરના મુખ્ય માર્ગો પર ફરી સાંજે પુનઃ બ્રહ્મપુરી પહોંચી હતી, જ્યાં મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં જિલ્લા બ્રહ્મ સમાજ પ્રમુખ તુષારભાઈ પંડ્યા સહિત વિવિધ સમાજના હિન્દુ-મુસ્લિમ અગ્રણીઓએ પણ હાજરી આપી હતી.બ્રહ્મ સમાજ પ્રમુખ મુકેશભાઈ મહેતા તથા બિપિનભાઈ જાનીના માર્ગદર્શન હેઠળ મહિલા મંડળ અને યુવા ટીમ દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. ભક્તિમય વાતાવરણમાં યોજાયેલા આ ઉત્સવે સમગ્ર પંથકમાં આકર્ષણ જમાવ્યું હતું.

# નોઈડા હિંસામાં કાવતરાનો ખુલાસો, વિરોધની આડમાં અશાંતિ ફેલાવાની યોજના

**મહિનાઓથી તૈયાર પ્લાન, મુખ્ય શંકાસ્પદની ધરપકડ સાથે તપાસ તેજ**



નવી દિલ્હી, તા.૨૦

નોઈડામાં ફેક્ટરી કામદારોના વિરોધ બાદ થયેલી હિંસા પાછળનું સુનિયોજિત કાવતરું હવે સામે આવી રહ્યું છે. તપાસમાં ખુલ્યું છે કે ઘણા મહિનાઓથી આયોજન કરીને વિરોધ પ્રદર્શનની આડમાં અશાંતિ ફેલાવવાનો પ્રયાસ થયો હતો. પોલીસે મુખ્ય શંકાસ્પદ આદિત્ય આનંદને તમિલનાડુમાંથી ધરપકડ કરી છે, જે નોઈડામાં ભાડાના ફ્લેટમાંથી આ કામગીરી સંચાલિત કરતો હતો. તપાસ દરમિયાન કેટલાક સંગઠનો વચ્ચે જોડાણ હોવાના પુરાવા મળ્યા છે, જેમાં આરડબ્લ્યુપીઆઈ, મઝદૂર બુગુલ દાસ્તા, નૌજવાન ભારત સભા અને દિશા સંગઠનનો સમાવેશ થાય છે. દરોડા દરમિયાન મળેલા દસ્તાવેજોમાં વિરોધની વ્યૂહરચના, ભીડ એકત્ર કરવાની રીતો અને વોટ્સએપ ગ્રુપના ઉપયોગની વિગતવાર માહિતી મળી છે. પોલીસ મુજબ, આંદોલન માર્ચથી શરૂ થઈ મે સુધી ચાલુ રાખવાની યોજના હતી. હાલ વધુ લોકોની સંડોવણી અંગે તપાસ આગળ વધી રહી છે.

# અજિત ડોભાલે સાઉદી અરબનાં વરિષ્ઠ નેતાઓ સાથે કરી મુલાકાત

નવી દિલ્હી, તા.૨૦

મધ્ય પૂર્વમાં વધતા તણાવ વચ્ચે ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે રવિવારે સાઉદી અરબના વરિષ્ઠ નેતાઓ સાથે રિયાધમાં મહત્વપૂર્ણ મુલાકાતો કરી. આ મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવાનો મુદ્દો કેન્દ્રસ્થાને રહ્યો.



ડોવલનું રિયાધ એરપોર્ટ પર ભારતીય રાજદૂત સુહેલ ખાન અને સાઉદી અરબના નાયબ પ્રધાન સઉદ અલ-સતી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેમણે સાઉદી વિદેશ પ્રધાન ફૈઝલ બિન ફરહાન, ઉર્જા પ્રધાન અબ્દુલ અઝીઝ બિન સલમાન અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર મુસૈદ અલ-ઐબાન સાથે અલગ અલગ બેઠક કરી.

આ બેઠકોમાં પશ્ચિમ એશિયાની વર્તમાન પરિસ્થિતિ, પ્રાદેશિક સુરક્ષા અને પરસ્પર હિતના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. નોંધનીય છે કે અમેરિકા અને ઈરાન વચ્ચેની ચાલુ વાટાઘાટોની પૃષ્ઠભૂમિમાં આ મુલાકાત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

ભારત માટે ગલ્ફ દેશોમાં રહેલા નાગરિકોની સુરક્ષા તથા વ્યૂહાત્મક સહકાર મજબૂત કરવો મુખ્ય પ્રાથમિકતા છે.

# છત્તીસગઢમાં ચાર્ટર્ડ વિમાન ક્રેશ: પાઈલટ સહિત બેના મોત

**આરા પર્વત સાથે અથડાતા અકસ્માત, બચાવ કામગીરી શરૂ**

જશપુર, તા.૨૦

છત્તીસગઢના જશપુર જિલ્લામાં સોમવારે ચાર્ટર્ડ વિમાન અકસ્માતનો દુઃખદ બનાવ સામે આવ્યો છે. આરા પર્વત સાથે અથડાતા વિમાન ક્રેશ થયું, જેમાં પાઈલટ અને સહ-પાઈલટના મોત નિપજ્યા છે.

પ્રાથમિક માહિતી મુજબ, વિમાન પર્વતીય વિસ્તારમાં ઉડાન ભરી રહ્યું હતું ત્યારે ટોચ સાથે અથડાયું અને ટુકડા થઈ ગયા. ઘટના બાદ પોલીસ અને વહીવટી તંત્ર તાત્કાલિક સ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી છે.

અધિકારીઓ અન્ય મુસાફરો હતા કે નહીં તેની તપાસ કરી રહ્યા છે. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે, જ્યારે અકસ્માતના કારણોની તપાસ ચાલુ છે.

# પુનર્લગ્નથી અકસ્માત વળતરનો અધિકાર પૂર્ણ થતો નથી: હાઈકોર્ટ

હૈદરાબાદ, તા.૨૦

તેલંગાણા હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદામાં સ્પષ્ટ કર્યું છે કે માર્ગ અકસ્માતમાં પતિના મૃત્યુ પછી વિધવાને મળનાર વળતરનો અધિકાર તેના પુનર્લગ્નથી સમાપ્ત થતો નથી. જસ્ટિસ એમ.જી. પ્રિયદર્શિનીએ નોંધ્યું કે પુનર્લગ્નને નાણાકીય નુકસાનની ભરપાઈ તરીકે ગણાવી શકાય નહીં. હાઈકોર્ટે જણાવ્યું કે જો પતિ જીવિત હોત



તો પુનર્લગ્નનો પ્રશ્ન જ ઊભો ન થાત. તેથી પતિના મૃત્યુથી થયેલા માનસિક અને આર્થિક નુકસાનને માત્ર પુનર્લગ્ન દ્વારા પૂરું કરી શકાય નહીં. કોર્ટએ આ પણ સ્વીકાર્યું કે પુનર્લગ્ન પછી પણ સ્ત્રીને સમાજમાં સમાન સુરક્ષા અને દરજ્જો મળતો નથી. આ કેસ ૨૦૦૦ના માર્ગ અકસ્માત સાથે સંકળાયેલ છે, જેમાં નાગરાજુનું મૃત્યુ થયું હતું. તેની પત્ની અને માતાએ વળતર માટે અલગ અલગ અરજીઓ કરી હતી. મોટર અકસ્માત ટ્રિબ્યુનલે બંનેને વળતર ફાળવ્યું હતું, જેને માતાએ હાઈકોર્ટમાં પડકાર્યું હતું. હાઈકોર્ટે મોટર વાહન અધિનિયમની કલમ ૧૬૬નો ઉલ્લેખ કરીને જણાવ્યું કે તમામ કાનૂની વારસદારો વળતર મેળવવા હકદાર છે.

# પાસપોર્ટ વિવાદમાં પવન ખેરાની આગોતરા જામીન અરજી

નવી દિલ્હી, તા.૨૦

કોંગ્રેસના વરિષ્ઠ નેતા પવન ખેરાએ પાસપોર્ટ વિવાદ મામલે આસામમાં નોંધાયેલા કેસમાં આગોતરા જામીન માટે ગુવાહાટી હાઈકોર્ટનો સંપર્ક કર્યો છે. આ કેસ આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માની પત્ની રિંકી ભૂયાન શર્મા અંગે કરાયેલા નિવેદનથી ઉભો થયો છે.


પવન ખેરાએ આરોપ મૂક્યો હતો કે રિંકી શર્મા પાસે એકથી વધુ પાસપોર્ટ છે, જેના આધારે તેમની સામે ગુવાહાટી ક્રાઈમ બ્રાન્ચમાં એફઆઈઆર નોંધાઈ હતી. તેમાં છેતરપિંડી, બનાવટી દસ્તાવેજ, બદનક્ષી અને શાંતિ ભંગ જેવી કલમો સામેલ છે.

સુપ્રીમ કોર્ટે અગાઉ સ્પષ્ટ કર્યું હતું કે ખેરા યોગ્ય કોર્ટમાં અરજી કરી શકે છે, પરંતુ ટ્રાન્ઝિટ જામીન લંબાવવાની તેમની વિનંતી ફગાવી હતી. હાલ આસામ પોલીસ તપાસમાં સક્રિય છે. હવે ગુવાહાટી હાઈકોર્ટમાં થનારી સુનાવણી પર સૌની નજર છે.

# લ્યુઈસિયાનામાં ઘરેલું ઝઘડામાં ગોળીબારથી આઠ બાળકોના મોત

શ્રેવપોર્ટ, તા.૨૦

અમેરિકાના લ્યુઈસિયાના રાજ્યના શ્રેવપોર્ટ શહેરમાં ઘરેલું ઝઘડો ભયંકર ગોળીબારમાં ફેરવાતા આઠ નિર્દોષ બાળકોના મોત નિપજ્યા છે. મૃતકોની ઉંમર ૧ થી ૧૪ વર્ષની વચ્ચે હોવાનું પોલીસે જણાવ્યું છે. રવિવારે સવારે લગભગ ૬ વાગ્યે બનેલી આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોક અને આઘાત ફેલાવ્યો છે.



શ્રેવપોર્ટ પોલીસ ચીફ વેન સ્મિથના જણાવ્યા મુજબ, ગોળીબારમાં કુલ ૧૦ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઘટનાની માહિતી મળતાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી હુમલાખોરનો પીછો કર્યો હતો. આરોપીએ વાહન ચોરી કરીને ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસ દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં તેનો અંત આવ્યો. લ્યુઈસિયાના સ્ટેટ પોલીસ દ્વારા સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરાઈ છે. અધિકારીઓ સ્થળ પરથી પુરાવા એકત્રિત કરી રહ્યા છે. સ્થાનિક નેતાઓએ આ દુર્ઘટનાને શહેરના ઈતિહાસની સૌથી દુઃખદ ઘટના ગણાવી છે અને પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

# પશ્ચિમ બંગાળમાં મતદાર યાદી વિવાદ પર સુપ્રીમકોર્ટ હાઈકોર્ટ પાસેથી કડક રિપોર્ટ માંગશે

નવી દિલ્હી, તા.૨૦

પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીની વિશેષ સમીક્ષા પ્રક્રિયા અંગે ઉભા થયેલા વિવાદોમાં સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ અવલોકન કર્યું છે. કોર્ટે જણાવ્યું છે કે દરેક નવી ફરિયાદ સામે આવતાં તે કોલકાતા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ પાસેથી સીધો રિપોર્ટ માંગશે.



સુનાવણી દરમિયાન વરિષ્ઠ વકીલ દેવદત્ત કામતે કોર્ટને જણાવ્યું કે અપીલીય ટ્રિબ્યુનલ્સ યોગ્ય રીતે કાર્ય કરી રહ્યા નથી. તેમણે આરોપ મૂક્યો કે ટ્રિબ્યુનલ ફક્ત ઓનલાઈન અરજીઓ સ્વીકારી રહ્યા છે અને અરજદારોને વકીલ મારફતે રજૂઆત કરવાની તક આપવામાં આવતી નથી, જેના કારણે ન્યાયપ્રક્રિયામાં અવરોધ ઉભો થાય છે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે નોંધ્યું કે આવી ફરિયાદો વારંવાર મળી રહી છે, તેથી પરિસ્થિતિ સ્પષ્ટ કરવા માટે હાઈકોર્ટ પાસેથી રિપોર્ટ માંગવો જરૂરી બન્યો છે. નોંધનીય છે કે આ ટ્રિબ્યુનલ્સ સુપ્રીમ કોર્ટના અગાઉના આદેશ મુજબ સ્થાપિત કરવામાં આવ્યા હતા.

કોર્ટે સ્પષ્ટ કર્યું કે મતદાર યાદીમાંથી નામ દૂર થયેલા લોકો અપીલ સ્વીકારાયા બાદ જ મતદાન કરી શકશે.

# યુએઈની અમેરિકાને ચેતવણી: વળતર નહીં તો ચીન તરફ વળશે

અબુ ધાબી, તા.૨૦

ઈરાન-અમેરિકા સંઘર્ષ વચ્ચે યુએઈએ અમેરિકા સામે વળતરની માંગ કરી છે. અહેવાલ મુજબ, યુધ્ધના કારણે ઊર્જા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને થયેલા નુકસાન બદલ યુએઈ નાણાકીય સહાય ઈચ્છે છે.સાથે જ યુએઈએ ચેતવણી આપી છે કે જો પરિસ્થિતિ વધુ વણસશે અને ડોલરની ઉપલબ્ધતા ઘટશે, તો તે તેલ વ્યવહારો માટે ચીની યુઆન



સહિત અન્ય ચલણો તરફ વળી શકે છે. આ પગલું વૈશ્વિક આર્થિક વ્યવસ્થામાં મોટો ફેરફાર લાવી શકે છે. ગલ્ફ દેશોમાં વધતા તણાવને કારણે અમેરિકાની નીતિઓ પર પણ દબાણ વધી રહ્યું છે.

# તમિલનાડુ-પશ્ચિમ બંગાળમાં ૪૮ કલાક 'ડ્રાય ડે': ચૂંટણી પંચનો નિર્ણય


ચેન્નાઈ, તા.૨૦

તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ૨૩ એપ્રિલે મતદાન પહેલા બંને રાજ્યોમાં ૪૮ કલાક માટે 'ડ્રાય ડે' જાહેર કરવામાં આવ્યો છે. ચૂંટણી પંચના આદેશ મુજબ, આ સમયગાળા દરમિયાન દારૂના વેચાણ, સેવા અને વિતરણ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસો અટકાવવા અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. પશ્ચિમ બંગાળમાં ચૂંટણી બે તબક્કામાં યોજાશે, જેમાં પ્રથમ તબક્કાનું મતદાન ૨૩ એપ્રિલે અને બીજું ૨૯ એપ્રિલે થશે. તમિલનાડુમાં તમામ ૨૩૪ બેઠકો માટે મતદાન એક જ તબક્કામાં ૨૩ એપ્રિલે યોજાશે. પરિણામો ૪ મેના રોજ જાહેર કરવામાં આવશે.

# ઉત્તર જાપાનમાં ૭.૪ તીવ્રતાનો ભૂકંપ, સુનામીની ચેતવણી

ટોક્યો,તા. ૨૦

ઉત્તર જાપાનમાં સાનરિકુ કિનારા નજીક ૭.૪ તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો છે, જેના કારણે સુનામીની ચેતવણી જાહેર કરવામાં આવી છે. ભૂકંપ સમુદ્રમાં આશરે ૧૦ કિમી ઊંડાઈએ આવ્યો હતો અને સ્થાનિક સમય મુજબ સાંજે ૪:૫૩ વાગ્યે તેની અસર અનુભવાઈ હતી. જાપાનના



પ્રસારણ માધ્યમોએ જણાવ્યું છે કે ૩ મીટર સુધી ઊંચી સુનામી લહેરોની શક્યતા છે. આથી અધિકારીઓએ દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોને તાત્કાલિક ઊંચા સ્થળે ખસવાની અપીલ કરી છે.

સરકારે તાત્કાલિક કટોકટી વ્યવસ્થાપન ટીમ સક્રિય કરી છે અને નુકસાનનું મૂલ્યાંકન શરૂ કર્યું છે. પ્રાથમિક અહેવાલો મુજબ માનવ અને માલમત્તા નુકસાન અંગે વિગતો એકત્રિત થઈ રહી છે.

# આઈસીસી ટી-૨૦ રેન્કિંગમાં ભારત નંબર વન પર યથાવત્

**ઇંગ્લેન્ડ બીજા સ્થાને, પાકિસ્તાન ટોપ-૫ માંથી બહાર**



નવી દિલ્હી, તા.૨૦

આઈસીસી દ્વારા જાહેર કરાયેલી તાજી ટી-૨૦ રેન્કિંગમાં ભારતીય ટીમે ફરી પોતાની દબદબો જાળવી રાખ્યો છે. ટીમ ઈન્ડિયા ૨૭૩ રેટિંગ સાથે પ્રથમ સ્થાને યથાવત્ છે અને લાંબા સમયથી ટોચનું સ્થાન સંભાળી રહી છે.

ઈંગ્લેન્ડ ૨૫૯ રેટિંગ સાથે બીજા ક્રમે છે, જ્યારે ઓસ્ટ્રેલિયા ૨૫૮ રેટિંગ સાથે ત્રીજા સ્થાને છે. ન્યુઝીલેન્ડ ૨૪૯ રેટિંગ સાથે ચોથા અને દક્ષિણ આફ્રિકા ૨૪૫ રેટિંગ સાથે પાંચમા ક્રમે છે. ટોચની ટીમો વચ્ચે રેટિંગનો તફાવત નોંધપાત્ર છે, જે સ્પર્ધાને વધુ રસપ્રદ બનાવે છે.


પાકિસ્તાનની ટીમ ૨૩૮ રેટિંગ સાથે છઠ્ઠા સ્થાને સરકી ગઈ છે, જ્યારે વેસ્ટ ઈન્ડિઝ ૨૩૫ રેટિંગ સાથે સાતમા ક્રમે છે. નજીકના ભવિષ્યમાં વેસ્ટ ઈન્ડિઝ પાકિસ્તાનને પાછળ છોડે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે.

આગામી સમયમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ટી-૨૦ શ્રેણી રેન્કિંગમાં ફેરફાર લાવી શકે છે.

# અરબી સમુદ્રમાં ઈરાની કાર્ગો જહાજને કબજે કર્યું હોવાનો અમેરિકન નેવીનો દાવો

તહેરાન, તા.૨૦

અરબી સમુદ્રમાં અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધુ ઉગ્ર બન્યો છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડે ઈરાની કાર્ગો જહાજને કબજે કર્યાનો વીડિયો જાહેર કર્યો છે. અમેરિકાના જણાવ્યા મુજબ, ચેતવણીઓ છતાં જહાજે નૌકાદળની નાકાબંધીનું ઉલ્લંઘન કર્યું હતું, જેના કારણે કાર્યવાહી કરવામાં આવી.



યુએસ નૌકાદળના યુએસએસ સ્પ્રુઅન્સ ડિસ્ટ્રોયરે જહાજને રોકવાનો પ્રયાસ કર્યો હતો. છ કલાક સુધી ચેતવણી આપવામાં આવ્યા બાદ પણ જહાજ ન અટકતાં એન્જિન નિષ્ક્રિય કરવા ગોળીબાર કરવામાં આવ્યો. ત્યારબાદ યુએસ મરીન દળોએ જહાજ પર ચઢી તેને કસ્ટડીમાં લીધું.

બીજી તરફ, ઈરાને આ ઘટનાના જવાબમાં અમેરિકન જહાજો પર ડ્રોન હુમલા કર્યા હોવાનો દાવો કર્યો છે. આ ઘટનાથી હોર્મુઝ જળમાર્ગમાં તણાવ વધી ગયો છે.

યુએસ દળોએ જણાવ્યું કે સમગ્ર કાર્યવાહી નિયંત્રિત અને નિયમો મુજબ કરવામાં આવી છે. હાલમાં આ ઘટનાને લઈ આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતા વ્યક્ત થઈ રહી છે.

# ધંધુકા હત્યાકાંડનુ સત્ય જાણવા DySPની અધ્યક્ષતામાં એસઆઈટી રચના કરાઈ



અમદાવાદ,તા.૨૦

અમદાવાદ જિલ્લાના ધંધુકામાં બનેલા ધર્મેશ ગમારા હત્યાકાંડને લઈને રાજ્યભરમાં ચકચાર મચી છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસે વિશેષ તપાસ ટીમ (એસઆઈટી)ની રચના કરી છે. આ ટીમમાં ડીવાયએસપી, બે પીઆઈ અને એક પીએસઆઈ સહિતના અધિકારીઓનો સમાવેશ કરાયો છે, જે સમગ્ર મામલે નિષ્પક્ષ અને ઊંડાણપૂર્વક તપાસ કરશે. પ્રાપ્ત માહિતી મુજબ, ૧૮ એપ્રિલે બપોરે બાઈક અથડાતા ધર્મેશ અને સમીર વચ્ચે બોલાચાલી થઈ હતી. સાંજે ફરી નસીબ સોસાયટી પાસે બંને પક્ષ આમને-સામને આવ્યા હતા, જ્યાં વિવાદ ઉગ્ર બનતાં સમીર અને તેના સાથીઓએ ધર્મેશ પર છરીથી હુમલો કર્યો હતો. ગંભીર ઈજાઓને કારણે ધર્મેશનું મોત થયું હતું. ઘટના બાદ વિસ્તારમાં તણાવ ફેલાયો હતો અને કેટલાક તત્વોએ તોડફોડ તથા આગચંપી કરી હતી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને લગભગ ૨૦ લોકોને કસ્ટડીમાં લીધા છે. મુખ્ય આરોપી સમીર અને પરવેજની ધરપકડ પણ કરવામાં આવી છે. એસઆઈટીનું નેતૃત્વ ડીવાયએસપી પ્રકાશ પ્રજાપતિ કરશે.

# રાજયમાં આવતા અઠવાડીયે ગરમીનો પારો ૪૩°સે. પાર કરે તેવી શકયતા



અમદાવાદ, તા.૨૦


તાજેતરમાં વરસાદથી મળેલી થોડીક રાહત હવે સમાપ્ત થઈ રહી છે અને ફરી એકવાર ગરમીનો પ્રકોપ તેજ બનતો જોવા મળી રહ્યો છે. દિલ્હીના સફદરજંગ વિસ્તારમાં તાપમાન ૪૦.૧° સે નોંધાયું છે, જે સામાન્ય કરતાં આશરે ૩ ડિગ્રી વધુ છે. ભારતીય હવામાન વિભાગે આ સિઝનમાં પહેલીવાર હીટવેવ અંગે ચેતવણી જાહેર કરી છે. હવામાન વિભાગ મુજબ, બુધવારથી શુક્રવાર દરમિયાન ગરમીનો મોજો વધવાની શક્યતા છે અને તાપમાન ૪૩° સે સુધી પહોંચી શકે છે. દિલ્હીમાં અગાઉ ૪૧° સે તાપમાન નોંધાયું હતું, જોકે સાંજે વરસાદ અને તેજ પવનના કારણે તાત્કાલિક રાહત મળી હતી. તેમ છતાં, આ રાહત ટૂંકી અવધિ માટે જ રહી હતી. ઉત્તર દિલ્હીના રિજ વિસ્તારમાં ૪૧.૮° સે તાપમાન નોંધાયું હતું, જ્યારે મુંગેશપુરમાં ૪૧° સે સુધી પહોંચ્યું હતું. ગરમ ઉત્તરપશ્ચિમ પવનો અને તીવ્ર સૂર્યપ્રકાશને કારણે પંજાબ, હરિયાણા અને ઉત્તર રાજસ્થાનમાં પણ ગરમીમાં વધારો થવાની શક્યતા છે. હવામાન નિષ્ણાંતો મુજબ, આગામી દિવસોમાં ગરમી યથાવત્ સાવચેત રહેવું જરૂરી છે.

# વડોદરા યુનિવર્સિટીમાં ૧૧ વિદ્યાર્થીઓ બીમાર, ફૂડ સેમ્પલ તપાસ માટે મોકલાયા

વડોદરા, તા.૨૦

વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના કુંઢેલામાં આવેલી ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટીના ૧૧ વિદ્યાર્થીઓની તબિયત લથડતાં હાહાકાર મચ્યો છે. વિદ્યાર્થીઓને ઝાડા-ઉલટી અને પેટદર્દની ફરિયાદ બાદ તાત્કાલિક સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. માહિતી મુજબ, વિદ્યાર્થીઓએ હોસ્ટેલમાં જમ્યા બાદ અચાનક અસ્વસ્થતા અનુભવી હતી. યુનિવર્સિટી સત્તાધીશોનું માનવું છે કે ફૂડ પોઈઝનિંગ અથવા તીવ્ર ગરમીના કારણે હીટ સ્ટ્રોકની અસર થઈ હોઈ શકે છે. સાવચેતીના ભાગરૂપે હોસ્ટેલના ખોરાકના નમૂનાઓ લઈ તપાસ માટે લેબોરેટરીમાં મોકલાયા છે. સત્તાધીશોનું કહેવું છે કે જો રિપોર્ટમાં કોઈ ખામી સામે આવશે તો જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# દાહોદ હાઈવે પર કાર અને કન્ટેનર વચ્ચે અકસ્માતમાં ત્રણ માસૂમ બાળકોના મોત



દાહોદ, તા.૨૦

દાહોદ હાઈવે પર ભીટોડી નજીક બનેલા ગંભીર માર્ગ અકસ્માતમાં ત્રણ માસૂમ બાળકોના મોત નિપજતા સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ છે. મળતી માહિતી મુજબ, પાવાગઢ ખાતે માતાજીના દર્શન કરીને એક પરિવાર કાર દ્વારા મધ્યપ્રદેશ પરત ફરી રહ્યો હતો. તે દરમિયાન ભીટોડી હાઈવે પર માર્ગ પર ઉભેલા કન્ટેનરની પાછળ કાર ધડાકાભેર અથડાઈ ગઈ હતી. અકસ્મતમાં કારમાં સવાર ત્રણ બાળકોને ગંભીર ઈજાઓ પહોંચતા તેઓએ ઘટનાસ્થળે જ દમ તોડ્યો હતો. આ દુર્ઘટનાએ માર્ગ સુરક્ષા અંગે ફરી સવાલો ઊભા કર્યા છે. ઘટનામાં અન્ય નવ લોકો પણ ઈજાગ્રસ્ત થયા છે, જેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમની ગંભીર હાલતને ધ્યાનમાં રાખીને કેટલાકને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. મૃતક બાળકોના મૃતદેહોને દાહોદ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે

# અંબાજીમાં ૨૨-૨૩ એપ્રિલે દર્શન અને રોપ-વે બંધ

અંબાજી, તા.૨૦

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને સ્થાનિક વહીવટીતંત્રે ગબ્બર પર્વત પર ભક્તોની સુરક્ષા માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ૨૨ અને ૨૩ એપ્રિલના રોજ ગબ્બર પર્વત પર દર્શન અને રોપ-વે સેવા સંપૂર્ણપણે બંધ રાખવામાં આવશે. ઉનાળાની તીવ્ર ગરમીને કારણે ગબ્બર પર આવેલા મધપૂડાઓમાંથી મધમાખીઓ વધુ સક્રિય બનતી હોવાથી યાત્રાળુઓ પર હુમલાનો ભય રહે છે. અગાઉ પણ આવા બનાવો નોંધાયા હોવાથી સાવચેતીના ભાગરૂપે મધપૂડા દૂર કરવાની કામગીરી હાથ ધરાશે. મુખ્ય અંબાજી મંદિર દર્શન માટે યથાવત્ ખુલ્લું રહેશે, પરંતુ ગબ્બર પર્વત પર જવા પર પ્રતિબંધ રહેશે. તંત્રએ ભક્તોને સહકાર આપવા અપીલ કરી છે. ૨૪ એપ્રિલથી સેવા ફરી શરૂ થશે.

# અમદાવાદ રથયાત્રા પૂર્વે ચંદનયાત્રા અને રથ પૂજનનો પ્રારંભ કરાયો



અમદાવાદ, તા.૨૦

અખાત્રીજના પાવન દિવસે અમદાવાદની ૧૪૯મી રથયાત્રાની તૈયારીઓનો ભવ્ય પ્રારંભ થયો છે. જમાલપુર સ્થિત જગન્નાથ મંદિરમાં ચંદનયાત્રા અને રથ પૂજન સાથે વાર્ષિક રથયાત્રાના પ્રથમ ચરણની શરૂઆત કરવામાં આવી. આ પ્રસંગે ભગવાન જગન્નાથ, સુભદ્રાજી અને બલરામજીને ચંદનનો લેપ કરી શીતળતા અપાઈ અને રથોને વૈદિક મંત્રોચ્ચાર સાથે વિશેષ રીતે શણગારવામાં આવ્યા. મંદિર સામે રાખવામાં આવેલા રથોની મહાપૂજા કરવામાં આવી હતી. અખાત્રીજથી રથના સમારકામ, સુશોભન અને જાળવણીના કામો શરૂ થાય છે, જે રથયાત્રાની તૈયારીનો મહત્વપૂર્ણ ભાગ છે. આ અવસરે મંદિરના હાથીઓને પણ વિશેષ શણગારથી સજાવવામાં આવ્યા હતા. મંદિરના મહારાજે જણાવ્યું કે ચંદનયાત્રા ઉનાળામાં ભગવાનને શીતળતા આપવા માટે કરવામાં આવે છે અને આ વિધિ શ્રાવણ સુદ પૂનમ સુધી ચાલે છે. કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું.

# લોકગાયિકા કાજલ મહેરિયાના પ્રેમલગ્ને વિવાદ ઉગ્ર બન્યો



અમદાવાદ, તા.૨૦

ગુજરાતમાં લોકગાયિકા કાજલ મહેરિયાના પ્રેમલગ્નને લઈને વિવાદ ઉભો થયો છે. મળતી માહિતી મુજબ, કાજલે પરિવારને જાણ કર્યા વિના લગ્ન કરતાં તેના ભાઈ સંદીપ મહેરિયાએ સમુદાયના નેતાઓ પાસે મદદ માગી હતી. આ મામલે પરિવાર અને મહેરિયા સમુદાયના નેતાઓ ગાંધીનગર જિલ્લાના શેરથા ગામે કાજલના સાસરિયાના ઘરે પહોંચ્યા હતા, જેના કારણે પરિસ્થિતિ તંગ બની અને પોલીસને દખલ કરવી પડી. આ દરમિયાન કાજલના પતિએ ૧૧૨ પર ફોન કરતાં અડાલજ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. બાદમાં સમુદાયના સભ્યો અડાલજ પોલીસ સ્ટેશન પહોંચીને કાજલના લગ્ન અંગે સત્તાવાર પૂછપરછ કરી હતી. કાજલે પોલીસ સમક્ષ જણાવ્યું કે તે પોતાના લગ્નનું પ્રમાણપત્ર રજૂ કરશે. પોલીસના જણાવ્યા મુજબ, હાલ આ મામલે કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી. બંને પક્ષ વચ્ચે ચર્ચા બાદ પરિસ્થિતિ શાંત થઈ હતી, છતાં આ ઘટનાએ સામાજિક સ્તરે ચર્ચા જગાવી છે.

# બાંગ્લાદેશમાં ભારતના હાઈકમિશનર તરીકે દિનેશ ત્રિવેદીની વરણી કરાઈ



ભુજ, તા.૨૦

પૂર્વ કેન્દ્રીય મંત્રી દિનેશ ત્રિવેદીની બાંગ્લાદેશમાં ભારતના નવા હાઈકમિશનર તરીકે નિમણૂક કરવામાં આવી છે. કચ્છના બિદડા ગામના વતની ત્રિવેદીની આ નિયુક્તિ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

ત્રિવેદી બંગાળી ભાષા પર પકડ અને ડિપ્લોમેટિક અનુભવ માટે જાણીતા છે. તેઓ પૂર્વ રેલમંત્રી અને આરોગ્ય રાજ્યમંત્રી તરીકે સેવા આપી ચૂક્યા છે. આ નિમણૂક ભારત-બાંગ્લાદેશ સંબંધોને મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

# જામનગરમાં રીવાબા અને નયનાબા જાડેજા વચ્ચે શુભેચ્છાની આપ-લે

જામનગર, તા.૨૦

સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા ગુજરાતમાં રાજકીય ગરમાવો વધ્યો છે. આ વચ્ચે ક્રિકેટર રવિન્દ્ર જાડેજાના પરિવારની નણંદ-ભાભીની જોડી ફરી ચર્ચામાં આવી છે. ભાજપ સાથે જોડાયેલી રીવાબા જાડેજાએ કોંગ્રેસ સાથે સંકળાયેલી નણંદ નયનાબા જાડેજાને શુભેચ્છા પાઠવી, જેને લઈને રાજકીય ચર્ચા તેજ થઈ છે. રીવાબાએ શુભેચ્છા આપતા ભાજપની જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેના જવાબમાં નયનાબાએ હળવી ટકોર કરતાં જણાવ્યું કે આ ભાજપનો 'ઓવર કોન્ફિડન્સ' દર્શાવે છે.

તેમણે કહ્યું કે જનતા જ અંતિમ નિર્ણય લેશે. નયનાબાએ વધુમાં કોંગ્રેસના કાર્યકર્તાઓ જમીન સ્તરે મહેનત કરી રહ્યા હોવાનો દાવો કર્યો હતો. બંનેના નિવેદનોથી ચૂંટણી પહેલા રાજકીય માહોલ વધુ ગરમાયો છે.

# ધ્રાંગધ્રામાં બાળકની હત્યાની આશંકાથી તાંત્રિક મહિલાની ધરપકડ



સુરેન્દ્રનગર, તા.૨૦

ધ્રાંગધ્રામાં ચાર વર્ષના બાળક કાર્તિકના શંકાસ્પદ મોતને લઈને ચકચાર મચી છે. તાંત્રિક વિધિ માટે બલિ આપવામાં આવ્યો હોવાની આશંકાએ લોકોમાં ભારે આક્રોશ ફેલાયો છે. બાળક ગુમ થયા બાદ તેનો મૃતદેહ શંકાસ્પદ પરિસ્થિતિમાં એક મહિલાના ઘરે આવેલા ટાંકા માંથી મળ્યો હતો. પરિવારે શરૂઆતમાં કાર્યવાહી ન કરતાં બાદમાં પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે મૃતદેહ બહાર કાઢી ફોરેન્સિક તપાસ હાથ ધરી અને પૂરતા પુરાવા આધારે તાંત્રિક મહિલાની ધરપકડ કરી છે. આ બનાવે અંધશ્રધ્ધાના ખતરનાક પરિણામો સામે ફરી ચેતવણી આપી છે.

# અમદાવાદ શહેરમાં પાર્ટટાઈમ જોબની લાલચમાં યુવક સાથે લાખોની છેતરપિંડી



અમદાવાદ, તા.૨૦

અમદાવાદ શહેરમાં પાર્ટટાઈમ જોબની લાલચ આપીને એક યુવક સાથે ૩૦ લાખથી વધુની છેતરપિંડી થયાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ખાનગી કંપનીમાં આસિસ્ટન્ટ જનરલ મેનેજર તરીકે કાર્યરત યુવકને વોટ્સએપ મારફતે ગૂગલ મેપ પર હોટલ-રેસ્ટોરન્ટના રિવ્યુ આપવા બદલ રૂપિયા કમાવાની ઓફર કરવામાં આવી હતી. શરૂઆતમાં નાના ટાસ્ક માટે રૂપિયા આપીને વિશ્વાસ જીત્યા બાદ ઠગોએ યુવકને ટેલિગ્રામ ચેનલમાં જોડાવી એડવાન્સ ટાસ્કના નામે રકમ જમા કરાવવાનું કહ્યું હતું. બાદમાં ક્રિપ્ટો ટ્રેડિંગના બહાને વારંવાર પૈસા ટ્રાન્સફર કરાવી કુલ ૩૦.૪૯ લાખ પડાવી લીધા હતા.

